સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 20

[MAY - 2023]

[14/05/23 to 20/05/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

**14 MAY-2023**

- દિવસ મહિમા : 14 મે, મે માસનો બીજો રવિવાર, મધર્સ ડે ..... 02
- જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના 2023 ..... 02
- ચક્રવાત મોચા (Cyclone Mocha) ..... 04
- QUESTION ANSWERS ..... 06

**15 MAY-2023**

- દિવસ મહિમા : 15 મે, વિશ્વ પરિવાર દિવસ (International Day of Familie) ..... 07
- અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનું 29મું દ્વિવાર્ષિક રાષ્ટ્રીય અધિવેશન : ગાંધીનગર ..... 07
- ભારતની પ્રથમ પોડ ટેક્સી ..... 08
- QUESTION ANSWERS ..... 09

**16 MAY-2023**

- દિવસ મહિમા : 16 મે, આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ, વિશ્વ કૃષિ-પર્યટન દિવસ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ, શાંતીથી એક સાથે રહેવાનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 10
- SDG પ્રગતિને ટ્રેક કરનાર પ્રથમ ભારતીય શહેર : ભોપાલ ..... 10
- મેરી લાઈફ એપ્લિકેશન (Meri Life App) ..... 11
- 35મી 'ઈન્ડો-થાઈ કોર્પેટ'નું આયોજન કરવામાં આવ્યું ..... 12
- QUESTION ANSWERS ..... 13

**17 MAY-2023**

- દિવસ મહિમા : 17 મે, વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ અથવા વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ અથવા વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ, વિશ્વ હાઈપર ટેન્શન દિવસ ..... 14
- CBIના નવા ડિરેક્ટર તરીકે શ્રી પ્રવીણ સૂદની નિમણૂક ..... 14
- છઠ્ઠુ હિન્દ મહાસાગર સંમેલન ..... 17
- પોર્ટુગલે ઈચ્છા મૃત્યુને કાયદેસર બનાવ્યું ..... 17
- QUESTION ANSWERS ..... 20

**18 MAY-2023**

- દિવસ મહિમા : 18 મે, આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ, વિશ્વ એઈડ્સ રસી દિવસ અથવા HIV રસી જાગૃતિ દિવસ ..... 21
- બાર્સેલોનાએ 27મી વખત લા લીગા ફૂટબોલનું ટાઈટલ જીત્યું ..... 21
- વૈશ્વિક આયુર્વેદ મહોત્સવની 5મી આવૃત્તિ કેરળમાં યોજાશે ..... 22
- સમુદ્ર શક્તિ-23 (Samudra Shakti-23) ..... 22
- યુગે યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલય (Yuge Yugeen National Museum) ..... 23
- QUESTION ANSWERS ..... 24

**19 MAY-2023**

- ડો. મનોજ સોનીએ UPSCના અધ્યક્ષ તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા ..... 25
- આંતરિક વિસ્થાપન પર વૈશ્વિક અહેવાલ-2023 ..... 26
- બ્રહ્મોસ મિસાઈલનું INS મોર્મુગાઓથી સફળતાપૂર્વક પરીક્ષણ ..... 29
- QUESTION ANSWERS ..... 32

**20 MAY-2023**

- દિવસ મહિમા : 20 મે, વિશ્વ મધમાખી દિવસ, વિશ્વ માપ વિજ્ઞાન દિવસ ..... 34
- કર્ણાટકના નવા મુખ્યમંત્રી : શ્રી સિદ્ધારમૈયા ..... 34
- QUESTION ANSWERS ..... 39

ONE LINER ..... 40

QUESTION OF THIS WEEK ..... 47


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 મે, મે માસનો બીજો રવિવાર, મધર્સ ડે

સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી જુદા–જુદા દિવસે થાય છે.




- જોકે, ભારત સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં મે માસના બીજા રવિવારે 'મધર્સ ડે' ઉજવાય છે.
- આ અંતર્ગત વર્ષ 2023માં ભારતમાં 14 મે ના રોજ 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી.

### આ દિવસની ઉજવણીનો પ્રારંભ

આધુનિક 'મધર્સ ડે'ની સૌપ્રથમ વખત ઉજવણી ઈ.સ. 1908માં સુશ્રી એના જાર્વિસ દ્વારા અમેરિકાના વેસ્ટ વર્જિનિયાના ગ્રાફટન ખાતે આવેલા એક ચર્ચમાં કરવામાં આવી હતી.

- ઈ.સ. 1912 માં સુશ્રી એના જાર્વિસે 'મે મહિનાનો બીજો રવિવાર' અને 'મધર્સ ડે' શબ્દોના ટ્રેડમાર્ક કરાવ્યા હતા.
- અને તેમણે 'મધર્સ ડે ઈન્ટરનેશનલ'ની સ્થાપના કરી હતી.
- સમગ્ર વિશ્વના પ્રત્યેક માતાનું સન્માન થાય અને તેમનું સ્વાભિમાન જળવાઈ રહે તે માટે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના 2023

ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્કોલરશિપ યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે.



- તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તેજસ્વી તારલાઓ માટે જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના જાહેર કરી છે.
- આ સ્કોલરશિપનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ 2023-24થી શરૂ થશે.

## જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના 2023

જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના 2023નો લાભ લેવા માટે પરીક્ષા આપવી પડશે.

- આ પરીક્ષા <u>રાજ્ય પરીક્ષા બોર્ડ</u> દ્વારા યોજવામાં આવનાર છે.
- આ પરીક્ષામાં પાસ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ હેઠળ સહાય આપવામાં આવશે.

## જ્ઞાન સાધના સ્કોલરશિપ પાત્રતા

આ સ્કોલરશિપનો લાભ લેવા માટે નીચેની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકે છે :

(a) સરકારી કે ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં ધો<u>રણ 1થી 8 સળંગ અભ્યાસ કરી</u> <u>ધોરણ 8 ઉત્તિર્ણ કરેલ</u> હોય.

(b) અથવા <u>RTE Admission</u> યોજના હેઠળ સ્વનિર્ભર શાળામાં ધોરણ 1માં પ્રવેશ મેળવી ધોરણ 8 સુધી અભ્યાસ કરેલ હોય.

(C) આ સ્કોલરશિપ યોજના માટે પરીક્ષા ફોર્મ ભરવા માટે કોઈપણ પ્રકારની પરીક્ષા ફી રાખવામાં આવેલ નથી.

## જ્ઞાન સાધના સ્કોલરશિપ 2023ની રકમ

આ યોજનામાં વિદ્યાર્થીને નીચે મુજબની સ્કોલરશિપ મળવા પાત્ર છે :

(a) <u>ધોરણ 9 અને 10માં</u> <u>વાર્ષિક રૂ. 20,000</u> સ્કોલરશિપ મળવાપાત્ર છે.

(b) <u>ધોરણ 11 અને 12માં</u> <u>વાર્ષિક રૂા. 25,000</u> સ્કોલરશિપ મળવાપાત્ર છે.


- આ સ્કોલરશિપ સીધી જ વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવવામાં આવશે.
- જો કે શાળાકીય વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની 80 ટકા હાજરીના આધારે જ આ સ્કોલરશિપ સહાય ચૂકવવામાં આવશે.

## મહત્ત્વ

કેન્દ્ર સરકારના <u>રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ</u> હેઠળ ગરીબ અને આર્થિક રીતે પછાત વર્ગના બાળકોને મફત શિક્ષણ આપવામાં આવે છે.

- બાળકોને <u>ધોરણ 1 થી 8</u> સુધી મફત શિક્ષણ આપવામાં આવે છે.
- પરંતુ આ બાળકો જ્યારે ધોરણ 9માં આવે ત્યારે ગરીબીના કારણે શિક્ષણ અધવચ્ચે છોડી દેતા હોય છે.
- જેને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના અમલી બનાવેલ છે.

## ચક્રવાત મોચા (Cyclone Mocha)



તાજેતરમાં બંગાળની ખાડીમાં ઉદ્દભવેલું ચક્રવાત મોચા (Cyclone Mocha) મ્યાનમાર અને બાંગ્લાદેશમાં ત્રાટક્યું હતું.

- આ ઉપરાંત ઉત્તર–પૂર્વ ભારતના ભાગો પર તેની અસર જોવા મળી હતી.
- ચક્રવાત મોચાને કારણે મ્યાનમાર અને બાંગ્લાદેશના ભાગોમાં ઘણું નુકસાન થયું હતું.
- IMD દ્વારા અત્યંત ગંભીર ચક્રવાતી વાવાઝોડા તરીકે અને વિશ્વવ્યાપી હવામાન વેબસાઈટ ઝૂમ અર્થ દ્વારા 'સુપર સાયક્લોન' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું.

### મોચા ચક્રવાતનું નામકરણ

મોચા ચક્રવાત (ઉચ્ચાર મોખા)નું નામ યમન દ્વારા આપવામાં આવ્યું છે.

- જે તેના કોફી ઉત્પાદન માટે જાણીતા દેશના નાના માછીમારી ગામ પર આધારિત છે.
- મોચા શહેરને મોખા અથવા મોકા પણ કહેવાય છે. જે લાલ સમુદ્રના કિનારે આવેલું છે.

### વર્ગીકરણ

- ભારતીય હવામાન વિભાગ (IMD) ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતિના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ (India Meteorologycal Department (IMD)/ RSMC, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, યમન અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત મોચાનું નામ યમન દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું.

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

1. ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?

(A) મે માસના પ્રથમ શનિવારે (B) મે માસના બીજા શનિવારે

(C) મે માસના પ્રથમ રવિવારે (D) મે માસના બીજા રવિવારે **(D)**

---

2. તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તેજસ્વી તારલાઓ માટે જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના જાહેર કરી છે. તેના સંદર્ભે નીચેના નિવેદનો પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. આ સ્કોલરશિપનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ 2023-24થી શરૂ થશે.
2. જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના 2023નો લાભ લેવા માટે પરીક્ષા આપવી પડશે. આ પરીક્ષા 'રાજ્ય પરીક્ષા બોર્ડ' દ્વારા યોજવામાં આવશે.
3. આ યોજના અંતર્ગત ધોરણ 9 અને 10માં વાર્ષિક રૂ. 20,000 સ્કોલરશિપ મળવાપાત્ર છે.
4. આ યોજના અંતર્ગત ધોરણ 11 અને 12માં વાર્ષિક રૂ. 25,000 સ્કોલરશિપ મળવાપાત્ર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 3 અને 4 (D) ફક્ત 1, 2 અને 3 **(A)**

---

3. તાજેતરમાં 'Mocha' શબ્દ ચર્ચામાં રહ્યો હતો. તે શું છે ?

(A) DRDO દ્વારા નિર્મિત સુપર કમ્પ્યૂટર

(B) અમેરિકાની સંસદમાં સત્ર સ્થગિત કરવા માટે વપરાતો શબ્દ

(C) યુક્રેનમાં આવેલ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ

(D) બંગાળની ખાડીમાં ઉદ્દભવેલું ચક્રવાત **(D)**

---

4. તાજેતરમાં 'ચક્રવાત મોચા' (Cyclone Mocha) બાંગ્લાદેશ અને મ્યાનમારના દરિયાકિનારે ત્રાટક્યું હતું. આ ચક્રવાતનું નામ કોણે આપ્યું છે ?

(A) શ્રીલંકા (B) યમન (C) થાઈલેન્ડ (D) કતાર **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 મે, વિશ્વ પરિવાર દિવસ (International Day of Families)

## અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનું 29મું દ્વિવાર્ષિક રાષ્ટ્રીય અધિવેશન : ગાંધીનગર




અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના 29માં દ્વિવાર્ષિક અધિવેશનનો પ્રારંભ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરના વલાદથી કરાવ્યો હતો.

- 'ભારત મેં પરિવર્તનકારી શિક્ષા કે કેન્દ્ર મેં શિક્ષક' વિષયવસ્તુ સાથે યોજાયેલા આ અધિવેશનમાં વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં શિક્ષકો સાથેના તેમના અનુભવોને યાદ કરતા જણાવ્યું કે ગુજરાતના શિક્ષકો સાથેના અનુભવો રાષ્ટ્રીયસ્તરે શિક્ષા નીતિના ઘડતરમાં તેમના દિશાદર્શક બન્યા છે.
- આઝાદીના અમૃતકાળમાં વિકસીત રાષ્ટ્ર તરીકે આગળ વધવાના ભારતના સંકલ્પમાં શિક્ષકોની ભૂમિકા મહત્વપૂર્ણ ગણાવી છે.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્માર્ટ લર્નિંગ અને સ્માર્ટ સ્કૂલો વિશેની વિગતો આપતા જણાવ્યું કે 'જ્ઞાનકુંજ' પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની સરકારી શાળાઓમાં 66,000થી વધુ ઈન્ટરેક્ટિવ સ્માર્ટ ક્લાસનો વિકાસ અને વધુ 35,000 સ્માર્ટ ક્લાસ વિકાસાવવા માટેનું કામ હાથ ધર્યુ છે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ધોરણ 4 થી 8ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ગણિત વિષયક સામગ્રી સાથેની લર્નિંગ બાય ડુઈંગ લેબ, 780 જેટલી પ્રાથમિક શાળાઓ વિકસાવી છે અને 1000 શાળાઓમાં કામગીરી પ્રગતિમાં છે.
- તથા નવી શિક્ષણ નીતિ અનુસાર ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં 2023-24ના વર્ષથી બાલવાટિકા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની પ્રથમ પોડ ટેક્સી



દેશમાં ટ્રાન્સપોર્ટ સુવિધા વધુ આધુનિક બનવા 'પોડ ટેક્સી'ની શરૂઆત થવા જઈ રહી છે. તેની શરૂઆત ઉત્તરપ્રદેશના નોઈડાથી કરવામાં આવશે.

- યમુના ઓથોરિટીએ તાજેતરમાં ભારતના પ્રથમ 'પોડ ટેક્સી' (Pod Taxi) પ્રોજેક્ટને મંજૂરી આપી છે.
- તે પરિવહનનું અદ્યતન મોડ, ઓટોમેટેડ અને પર્યાવરણને અનુકૂળ હશે.
- પોડ ટેક્સી પ્રોજેક્ટ નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ અને ફિલ્મ સિટી (ઉત્તરપ્રદેશ) વચ્ચે સ્થિત હશે.
- આ રૂટ 12 થી 14 કિલોમીટરનો હશે અને તેમાં સેક્ટર 29, હેન્ડીક્રાફ્ટ પાર્ક, સેક્ટર 29માં MSME પાર્ક, એપેરલ પાર્ક, સેક્ટર 32, સેક્ટર 33, ટોય પાર્ક અને સેક્ટર 21 સહિત 12 સ્ટોપ હશે.

### પોડ ટેક્સી શું છે ?

પોડ ટેક્સીઓ સ્વ–ડ્રાઈવિંગ, ઈકો–ફ્રેન્ડલી વાહનો છે જે રોડ ટ્રાફિકને ટાળવા માટે અલગ ટ્રેક પર ચાલે છે.

- પોડ ટેક્સીને 'પર્સનલ રેપિડ ટ્રાન્ઝિટ (PRT)' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ વાહનો વીજળી પર ચાલે છે, જે તેમને પરિવહનનું વધુ ઈકો–ફ્રેન્ડલી મોડ બનાવે છે.
- પોડ ટેક્સીઓ નિર્ધારિત સંખ્યામાં મુસાફરોને લઈ જવા માટે બનાવવામાં આવી છે અને આજે ઉપલબ્ધ પરિવહનના સૌથી અદ્યતન મોડ્સમાંની એક માનવામાં આવે છે.
- અલગ ટ્રેક સાથે પોડ ટેક્સીઓ ટ્રાફિકમાં ફસાયા વિના વધુ ઝડપે મુસાફરી કરી શકે છે. તથા મુસાફરો માટે મુસાફરીનો સમય ઘટાડે છે.

નોંધ: (1) ભારતનો પ્રથમ પોડ ટેક્સી પ્રોજેક્ટ દરરોજ લગભગ 37,000 મુસાફરોનું પરિવહન કરે તેવી અપેક્ષા છે. પોડ ટેક્સીની ક્ષમતા વાહનના કદને આધારે બદલાય છે, મોટા વાહનો વધુ મુસાફરોને લઈ જઈ શકે છે.

(2) પોડ ટેક્સી પહેલ પર આશરે રૂ. 810 કરોડનો ખર્ચ થવાની ધારણા છે. અને 2024ના અંત સુધીમાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ પ્રોજેક્ટને ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. અને પરિવહનના અદ્યતન અને કાર્યક્ષમ મોડના વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું હોવાની અપેક્ષા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ પરિવાર દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે **(B)**

2. તાજેતરમાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના 29માં દ્વિવાર્ષિક અધિવેશનનો પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ............... ના વલાદથી કરાવ્યો હતો.

(A) ગાંધીનગર (B) ડાંગ (C) વડોદરા (D) બનાસકાંઠા **(A)**

3. યમુના ઓથોરિટીએ તાજેતરમાં ભારતના પ્રથમ 'પોડ ટેક્સી' (Pod Taxi) પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ અંતર્ગત ભારતની પ્રથમ પોડ ટેક્સી કયા સ્થળે કાર્યરત થશે ?

(A) પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ (B) શિમલા, હિમાચલ પ્રદેશ

(C) નોઈડા, ઉત્તરપ્રદેશ (D) પટના, બિહાર **(C)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પોડ ટેક્સી' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પોડ ટેક્સીઓ સ્વ–ડ્રાઈવિંગ, ઈકો–ફ્રેન્ડલી વાહનો છે જે રોડ ટ્રાફિકને ટાળવા માટે અલગ ટ્રેક પર ચાલે છે.
2. 1940ના દાયકામાં બ્રાઝિલમાં આ ટેક્સીની શોધ થઈ હતી.
3. તેને 'પર્સનલ રેપિડ ટ્રાન્ઝિટ (PRT) તરીકે પણ ઓળખવામાં આવે છે.
4. તે વીજળી પર ચાલે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 16 મે,** (1) **આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ (International Day of Light)**
(2) **વિશ્વ કૃષિ-પર્યટન દિવસ (World Agri-Tourism Day)**
(3) **રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dengue Day)**
(4) **શાંતીથી એક સાથે રહેવાનો આંતરરાષ્ટ્રીય દિવસ**

## SDG પ્રગતિને ટ્રેક કરનાર પ્રથમ ભારતીય શહેર : ભોપાલ

ભોપાલે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ફરજિયાત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)ના સ્થાનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું ભર્યુ છે.

- SDG હાંસલ કરવા માટે તેની પ્રતિબદ્ધતા અને ક્ષમતા દર્શાવવા માટે સ્વૈચ્છિક સ્થાનિક સમીક્ષાઓ (VLR) અપનાવનાર ભોપાલ ભારતનું પ્રથમ શહેર બન્યું છે.
- ટકાઉ વિકાસ માટે વૈશ્વિક કાર્યસૂચિ માટેના 2023 એજન્ડાને વ્યવહારુ સ્થાનિક વ્યૂહરચનાઓમાં સ્થાનાંતરિત કરવાથી નિર્દિષ્ટ લક્ષ્યોની એકંદર સિદ્ધિમાં મદદ મળે તેવી શકયતા છે.
- ભોપાલની સ્વૈચ્છિક સ્થાનિક સમીક્ષા (VLR) એ ભોપાલ મ્યુનિસિપલ કોર્પોરેશન, યુએન–હેબિટેટ અને વિવિધ સ્થાનિક હિતધારકો વચ્ચેના સહયોગનું પરિણામ છે.
- જેનો ઉદ્દેશ ટકાઉ અને સમાવિષ્ટ શહેરી પરિવર્તન તરફ શહેરના પ્રયાસોને દર્શાવવાનો છે.
- આ સમીક્ષામાં 56 વિકાસ પ્રોજેક્ટ્સના ગુણાત્મક મેપિંગ સહિત માત્રાત્મક અને ગુણાત્મક બંને અભિગમોનો સમાવેશ થાય છે.

**નોંધ:** (1) 2015માં તમામ 193 UN સભ્ય દેશોએ એજન્ડા 2030 અપનાવ્યો છે, જેમાં 17 SDG અને 169 ઉદ્દેશ્યનો સમાવેશ થાય છે.

(2) યુનાઈટેડ નેશન્સ હાઈ–લેવલ પોલિટિકલ ફોરમ (HLPF)ને સબમિટ કરાયેલ સ્વૈચ્છિક રાષ્ટ્રીય સમીક્ષા (VNR) દ્વારા સભ્યો આ લક્ષ્યો તરફ તેમની પ્રગતિનો અહેવાલ આપે છે.

(3) સ્થાનિકીકરણ એ વૈશ્વિક કાર્યસૂચિને સ્થાનિક ક્રિયાઓ અને અસરોમાં અનુવાદ કરવાની પ્રક્રિયા છે. જે SDGની સિદ્ધિમાં ફાળો આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# મેરી લાઈફ એપ્લિકેશન (Meri Life App)

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે વિશ્વ પર્યાવરણ દિવસ પહેલા આબોહવા પરિવર્તન માટે યુવાનોને એકત્ર કરવા માટે 'મેરી લાઈફ' નામની મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી છે.




- આ ઉપરાંત મંત્રાલયે LiFE માટે બે સમર્પિત પોર્ટલ વિકસાવ્યા છે :

  (1) મિશન લાઈફ પોર્ટલ

  (2) મેરી લાઈફ પોર્ટલ

- મેરી લાઈફ એપ્લિકેશનનો ઉદ્દેશ્ય દૈનિક જીવનમાં સરળ ક્રિયાઓની અસર પર પર્યાવરણને બચાવવામાં નાગરિકો, ખાસ કરીને યુવાનોની શક્તિનું પ્રદર્શન કરવાનો છે.

- મિશન લાઈફ એપ 'લાઈફસ્ટાઈલ ફોર ધ એન્વાયર્નમેન્ટ (Life)' માટે રાષ્ટ્રીય ચળવળને ઉત્પ્રેરિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

- તે વપરાશકર્તાઓને પાંચ થીમ હેઠળ જીવન સંબંધિત ક્રિયાઓની શ્રેણીમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે. જે આ મુજબ છે :

  (1) ઊર્જા બચાવો

  (2) પાણી બચાવો

  (3) પ્લાસ્ટિક એકલનો ઉપયોગ ઓછો કરો

  (4) ટકાઉ ફૂડ સિસ્ટમ અપનાવો અને

  (5) તંદુરસ્ત જીવનશૈલી અપનાવો

- નોંધનીય છે કે નવેમ્બર 2021માં ગ્લાસગોમાં યોજાયેલી COP26માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા Lifeનો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 35મી 'ઈન્ડો-થાઈ કોર્પેટ'નું આયોજન કરવામાં આવ્યું

ભારતીય નૌકાદળ અને રોયલ થાઈ નૌકાદળ વચ્ચે ભારત–થાઈલેન્ડ કોઓર્ડિનેટેડ પેટ્રોલ (Indo-Thai CORPAT)ની 35મી આવૃત્તિ 3 થી 10 મે, 2023 દરમિયાન હાથ ધરવામાં આવી હતી.



- ઈન્ડો–થાઈ કોર્પેટ એ ભારત અને થાઈલેન્ડ વચ્ચેના દરિયાઈ જોડાણને મજબૂત કરવા માટે હાથ ધરવામાં આવતી દ્વિ–વાર્ષિક નૌકા કવાયત છે.
- આ કવાયતમાં INS કેસરી, સ્વદેશી રીતે નિર્મિત LST અને થાઈ મેજેસ્ટીઝ શિપ (HTMS) સાઈબુરી, ચાઓ, ફ્રાયા ક્લાસ ફ્રિગેટ તથા બંને નૌકાદળના મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ સાથે આંદામાન સમુદ્રમાં IMBZ સાથે CORPATમાં ભાગ લીધો હતો.
- બંને દેશો વચ્ચેના દરિયાઈ જોડાણોને મજબૂત બનાવવા અને હિંદ મહાસાગરના આ મહત્વપૂર્ણ ભાગને આંતરરાષ્ટ્રીય વેપાર માટે સુરક્ષિત રાખવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય નૌકાદળ અને રોયલ થાઈ નૌકાદળ 2005થી આંતરરાષ્ટ્રીય સિમા પર દ્વિ–વાર્ષિક CORPAT હાથ ધરે છે.
- CORPAT બંને નૌકાદળ વચ્ચે પરસ્પર સમજણ અને આંતર–કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે નિર્ણાયક ભૂમિકા ભજવે છે.
- આ ઉપરાંત ચાંચિયાગીરી, સશસ્ત્ર લૂંટ, ડ્રગ હેરફેર અને ગેરકાયદેસર અનરિપોર્ટેડ અનરેગ્યુલેટેડ CIUU માછીમારી જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા અને તેમનો સામનો કરવા માટેના પગલાના અમલીકરણને સક્ષમ બનાવે છે.



**1.** 'આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 મે (B) 14 મે (C) 16 મે (D) 17 મે

**(C)**

**2.** 'વિશ્વ કૃષિ–પર્યટન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે

**(B)**

**3.** 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે

**(B)**

**4.** 'શાંતી થી એક સાથે રહેવાનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે

**(A)**

**5.** તાજેતરમાં નીચેના પૈકી કયું શહેર SDG પ્રગતિને ટ્રેક કરનાર પ્રથમ ભારતીય શહેર બન્યું છે ?

(A) પૂણે (B) ભોપાલ (C) સુરત (D) બેંગ્લોર

**(B)**

**6.** 'મેરી લાઈફ (Meri LiFE)' એપ્લિકેશન વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે આ એપ્લિકેશન શરૂ કરી છે.

(B) આ એપ 'લાઈફસ્ટાઈલ ફોર ધ એન્વાયર્નમેન્ટ' (Life) માટે રાષ્ટ્રીય ચળવળને ઉત્પ્રેરિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

**(C)**

**7.** તાજેતરમાં ભારતીય નૌકાદળ અને થાઈ નૌકાદળ વચ્ચે 'Indo-Thai CORPAT'ની કેટલામી આવૃત્તિ યોજાઈ હતી ?

(A) 30મી (B) 35મી (C) ત્રીજી (D) પ્રથમ

**(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 17 મે,**

(1) વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ
અથવા
વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ
અથવા
વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ

(2) વિશ્વ હાઈપર ટેન્શન દિવસ (World Hypertension Day)

## CBIના નવા ડિરેક્ટર તરીકે શ્રી પ્રવીણ સૂદની નિમણૂક



તાજેતરમાં કર્ણાટકના DGP શ્રી પ્રવીણ સૂદને CBIના નવા ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- આ નિમણૂકના આદેશમાં બે વર્ષનો કાર્યકાળ દર્શાવવામાં આવ્યો છે.
- CBIના નવા ડિરેક્ટર તરીકે શ્રી પ્રવીણ સૂદએ શ્રી સુબોધ જયસ્વાલનું સ્થાન લીધુ છે.
- CBIના ડિરેક્ટરની નિમણૂક 'દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1946'ની કલમ 4A હેઠળ થાય છે.

### શ્રી પ્રવીણ સૂદ

શ્રી પ્રવીણ સૂદ 1986ની બેચના કર્ણાટક કેડરના IPS ઓફિસર છે.

- શ્રી પ્રવીણ સૂદ હિમાચલ પ્રદેશના વતની છે. તથા IIT દિલ્હી અને IIM બેંગ્લોરના પૂર્વ વિદ્યાર્થી છે.
- તેઓ 1986માં મૈસૂરમાં મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે ભારતીય પોલીસ સેવામાં જોડાયા હતા.
- તેમણે કર્ણાટક કેડરના અધિકારી તરીકે વિવિધ હોદ્દા પર સેવા આપી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓ 1999થી 2002 સુધી મોરેશિયસ સરકારના પોલીસ સલાહકાર હતા. જ્યાં તેઓ યુરોપિયન અને અમેરિકન પોલીસ તકનીકોથી પરિચિત હતા.
- તેમણે મૈસુર શહેર પોલીસ કમિશનર અને એડિશનલ પોલીસ કમિશનર, ટ્રાફિક, બેંગ્લુરુના હોદ્દા સંભાળ્યા છે.
- તેઓ છેલ્લા 3 વર્ષથી કર્ણાટકમા DGP તરીકે સેવા આપી રહ્યા હતા.

## CBI

CBI ભારતની અગ્રણી તપાસ એજન્સી છે. તેનું પૂરું નામ **'Central Bureau of Investigation'** છે.

- CBIની સ્થાપના **'Special Police Establishment'** (SPE) તરીકે વર્ષ **1941**માં થઈ હતી.
- ત્યારબાદ તેના અધિકાર અને કાર્યવાહી **'Dilhi Special Police Establishment Act, 1946'** દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.
- અને તેને **1 એપ્રિલ, 1963**ના રોજ ગૃહ મંત્રાલયના એક ઠરાવ દ્વારા તેનું વર્તમાન નામ 'સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન' આપવામાં આવ્યું હતું.
- સ્થાપના સમયે તેનું વડું મથક લાહોર ખાતે હતું.
- CBIનું વર્તમાન વડું મથક નવી દિલ્હીમાં લોધી રોડ ખાતે આવેલું છે.
- CBIનો મોટો **'Industry, Impartiality, Integrity'** છે.
- CBI ભારત સરકારના 'કર્મચારી, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય' અંતર્ગત કાર્ય કરે છે.

નોંધ : CBIના પ્રથમ ડિરેકટરનું નામ શ્રી ડી. પી. કોહલી છે.

## CBIનું માળખું

CBIનું નેતૃત્વ **Director** દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત તેમની સાથે **Special Director** અથવા **Additional Director** ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

- CBIના Directorનો કાર્યકાળ 2 વર્ષનો હોય છે.
- CBIના Directorની નિમણૂક 3 સભ્યોની નિમણૂક સમિતિના આધારે કરવામાં આવે છે. જેના સભ્યો નીચે દર્શાવ્યા મુજબના હોય છે :

**સમિતિના સદસ્યો**
- પ્રધાનમંત્રી (સમિતિના અધ્યક્ષ)
- લોકસભાના વિરોધપક્ષના નેતા
- સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ અથવા તેમના દ્વારા ભલામણ કરાયેલ અન્ય ન્યાયાધીશ

- જો લોકસભામાં વિરોધ પક્ષના નેતા ન હોય તો તેવા કિસ્સાઓમાં સૌથી મોટા વિરોધપક્ષના નેતાને આ સમિતિના સભ્ય ગણવામાં આવે છે.

## CBIના કાર્યો

CBIના કાર્યો આ પ્રમાણે છે :

- કેન્દ્ર સરકારના કર્મચારીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર, લાંચ રૂશ્વતના કેસોની તપાસ કરવી.
- ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 હેઠળના કેસોની તપાસ કરવી.
- ભારતીય દંડ સંહિતા (Indian Penal Code) હેઠળના કેસોની તપાસ જેમાં લાંચ કે ભ્રષ્ટાચારની બાબત સંકળાયેલી હોય.
- રાજ્ય સરકારના અધિકારીઓ વિરુદ્ધના કેસ જો સોંપવામાં આવે તો તેની તપાસ કરવી.
- CBIને કેસની તપાસ પહેલા કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી મેળવવી પડે છે.
- રાષ્ટ્રીય સ્તરના ગુનાઓ જેવા કે હત્યા, અપહરણ, બળાત્કાર વગેરેની તપાસ માટે જો સર્વોચ્ચ અદાલત કે ઉચ્ચ અદાલત અથવા રાજ્ય સરકાર દ્વારા સૂચના આપવામાં આવે તો એ કાર્ય પણ કરે છે.
- CBI ભારતમાં ઈન્ટરપોલના 'રાષ્ટ્રીય કેન્દ્રીય અન્વેષણ' તરીકે કાર્ય કરે છે.

**નોંધ :** (1) નવેમ્બર, 2021માં રાષ્ટ્રપતિએ CBI અને EDના ડિરેક્ટરોના કાર્યકાળ સંબંધિત વટહુકમ બહાર પાડયા હતા.

(2) આ વટહુકમ અંતર્ગત CBI અને EDના ડિરેક્ટોરોની નિમણૂક પહેલા બે વર્ષના સમયગાળા માટે થઈ શકે છે. જોકે, જરૂરી હોય તો કાર્યકાળ વધુ ત્રણ વર્ષ માટે લંબાવી શકાય છે.

(3) વિસ્તૃત ત્રણ વર્ષની મુદત માટે ત્રણ અલગ–અલગ વાર્ષિક એક્સ્ટેન્શનની જરૂર પડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## છઠ્ઠુ હિન્દ મહાસાગર સંમેલન

તાજેતરમાં છઠ્ઠુ હિન્દ મહાસાગર સંમેલન બાંગ્લાદેશના ઢાંકામાં યોજાયું હતું.

- આ સંમેલન અથવા પરિષદમાં હિન્દ મહાસાગર ક્ષેત્રમાં કનેક્ટિવિટીમાં સુધારો અને વિસ્તરણ પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.
- આ સંમેલનમાં 'શાંતિ, સમૃદ્ધિ અને સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે ભાગીદારી' થીમ સાથે આ પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખીને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાની રીતો પર ચર્ચા કરવા માટે 25 થી વધુ દેશોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.
- હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ભારત એક મહત્વપૂર્ણ અભિકર્તા હોવાને કારણે સારી કનેક્ટિવિટી હાંસલ કરવા માટે વિવિધ પડકારોનો સામનો કરે છે.
- પડકારો હોવા છતા અડચણો દૂર કરવા અને કનેક્ટિવિટી સુધારવા માટે સામૂહિક પ્રયાસોનું આહવાન કરવામાં આવ્યું છે.

નોંધ : (1) હિંદ મહાસાગર પરિષદ એ હિંદ મહાસાગરના દેશો માટે આ ક્ષેત્રમાં સુરક્ષા અને તમામ માટે વૃદ્ધિ (SAGAR) માટે પ્રાદેશિક સહકારની શક્યતાઓ પર ચર્ચા કરવા માટેનું એક મુખ્ય સલાહકાર મંચ છે. આ પ્રક્રિયા વર્ષ 2016માં શરૂ થઈ હતી.

(2) હિંદ મહાસાગર પરિષદની પ્રથમ આવૃત્તિ વર્ષ 2016માં સિંગાપોરમાં અને પાંચમી આવૃત્તિ વર્ષ 2021માં UAEના અબુધાબીમાં યોજાઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પોર્ટુગલે ઈચ્છા મૃત્યુને કાયદેસર બનાવ્યું

તાજેતરમાં પોર્ટુગલે ઈચ્છામૃત્યુને કાયદેસર કરતો કાયદો પસાર કર્યો છે.

- આ સાથે પોર્ટુગલ વિશ્વના કેટલાક એવા દેશોમાંનો એક દેશ બન્યો જ્યાં ઈચ્છામૃત્યુ કાયદેસર છે.
- નવા કાયદા અનુસાર પોર્ટુગલમાં 18 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ મૃત્યુમાં સહાયની વિનંતી કરવા પાત્ર છે.
- જોકે કાયદો સ્પષ્ટ કરે છે કે તે ફક્ત 'કાયમી' અને 'અસહનીય' પીડા અનુભવતી વ્યક્તિઓને આવરી લે છે.
- નોંધનીય છે કે આ કાયદો ફક્ત પોર્ટુગીઝ નાગરિકો અને કાનૂની રહેવાસીઓને જ લાગુ થશે.
- પોર્ટુગલમાં સહાયતા સાથે મૃત્યુ પામેલા વિદેશીઓને આ કાયદા દ્વારા આવરી લેવામાં આવશે નહીં, જે દેશની સરહદોની અંદર કાયદાની મર્યાદાઓને પ્રકાશિત કરે છે.

## ભારતમાં ઈચ્છામૃત્યુ

9 માર્ચ, 2018ના રોજ સુપ્રીમ કોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ શ્રી દીપક મિશ્રાની અધ્યક્ષતામાં બનેલી પાંચ જજની બંધારણીય બેન્ચે ભારતમાં નિષ્ક્રિય ઈચ્છામૃત્યુને (એટલે કે અસાધ્ય બીમારીમાં પીડાતા દર્દીની તબીબી સારવાર પાછી ખેંચી લેવા માટેની) મંજૂરી આપી હતી.

- સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ગરિમાપૂર્ણ ઈચ્છામૃત્યુ એ વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. જેનો સમાવેશ અનુચ્છેદ 21 અંતર્ગત થાય છે.
- નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુને મંજૂરી આપી હતી, સક્રિય ઈચ્છામૃત્યુ ને નહીં.

### ઈચ્છામૃત્યુ શું છે ?

– ગંભીર અને અસાધ્ય રોગથી પીડાતી વ્યક્તિને છૂટકારા માટે ડોક્ટરની મદદથી તેની જિંદગીનો અંત લાવવાને ઈચ્છામૃત્યુ કહે છે.

### ઈચ્છામૃત્યુના પ્રકાર

– ઈચ્છામૃત્યુના બે પ્રકાર છે : (1) સક્રિય ઈચ્છામૃત્યુ અને (2) નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ.

**ઈચ્છામૃત્યુ**

**સક્રિય ઈચ્છામૃત્યુ**

તેમાં દર્દીને ઝેર અથવા પેઈનકિલરના હેવી ડોઝ દ્વારા મૃત્યુ આપવામાં આવે છે.

**નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ**

તેમાં દર્દીની લાઈફ સપોર્ટિંગ સિસ્ટમ હટાવી લેવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ બંનેમાંથી ભારતમાં નિષ્ક્રિય ઈચ્છામૃત્યુને મંજૂરી આપવામાં આવી છે.
- નિષ્ક્રિય ઈચ્છામૃત્યુમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ હટાવી દેવી, એન્ટિબાયોટિક દવાઓ બંધ કરવી અને કોમામાં રહેલી વ્યક્તિનું વેન્ટિલેટર દૂર કરવું..... જેવી રીતોનો સમાવેશ થાય છે.
- સુપ્રીમ કોર્ટે કાયમી બેભાનાવસ્થા (કોમા)માં જઈ શકે તેવી અસાધ્ય બીમારીથી પીડાતા દર્દીઓ દ્વારા કરાતી ઈચ્છામૃત્યુની માંગણીને યોગ્ય ગણી હતી.

- જોકે ભારતમાં સક્રિય ઈચ્છામૃત્યુને પરવાનગી આપવામાં આવી નથી.
- ભારત સહિતના મોટાભાગના દેશોમાં સક્રિય ઈચ્છામૃત્યુને અપરાધ માનવામાં આવે છે.

## મહત્વ

- **ગૌરવપૂર્ણ મૃત્યુ :** ભારતીય બંધારણનો અનુચ્છેદ 21 સ્પષ્ટપણે ગૌરવ સાથે જીવવાની જોગવાઈ કરે છે. વ્યક્તિને ગૌરવ સાથે જીવન જીવવાનો અધિકાર છે. અને જો તે ધોરણ તે લઘુત્તમ સ્તરથી નીચે આવતું હોય તો વ્યક્તિને તેનું જીવન સમાપ્ત કરવાનો અધિકાર મળવો જોઈએ.
- **પીડાનો અંત :** ઈચ્છામૃત્યુ વ્યક્તિના અસહ્ય ભારે પીડા અને વેદનાને દૂર કરવાનો માર્ગ પૂરો પાડે છે. તે અસ્થાયી રીતે બીમાર લોકોને વિલંબિત મૃત્યુમાંથી રાહત આપે છે.
- **વ્યક્તિની પસંદગીનો આદર કરવો :** માનવ જીવનનો સાર એ છે કે ગૌરવપૂર્ણ જીવન જીવવું અને વ્યક્તિને અપ્રતિષ્ઠિત રીતે જીવવા માટે દબાણ કરવું એ વ્યક્તિની પસંદગીની વિરુદ્ધ છે. આમ, તે વ્યક્તિની પસંદગીને વ્યક્ત કરે છે જે મૂળભૂત સિદ્ધાંત છે.
- **માનસિક યાતનાને સંબોધિત કરવી :** આ પાછળનો હેતુ નુકસાનને બદલે મદદ કરવાનો છે. તે દર્દીના અસહ્ય દર્દમાં રાહત આપે છે. આ ઉપરાંત દર્દીના સંબંધિઓને માનસિક વેદનામાંથી પણ મૂક્ત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઈચ્છામૃત્યુ અંગે જુદા-જુદા દેશના કાયદા

નેધરલેન્ડ્સ, લક્ઝમબર્ગ અને બેલ્જિયમ એવી કોઈપણ વ્યક્તિ માટે ઈચ્છામૃત્યુ અને સહાયક આત્મહત્યા બંનેને મંજૂરી આપે છે જેઓ 'અસહનીય વેદના'માં હોય અને તેમાં સુધારાની કોઈ સંભાવના નથી.

- સ્વિત્ઝર્લેન્ડમાં ઈચ્છામૃત્યુ પ્રતિબંધ છે પરંતુ ડોક્ટર અથવા તબીબી વ્યાવસાયિકની હાજરી અને સહાયથી મૃત્યુ પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે.
- કેનેડાએ જાહેરાત કરી હતી કે માર્ચ 2023 સુધીમાં માનસિક રીતે બીમાર દર્દીઓ માટે ઈચ્છામૃત્યુ અને સહાયિત મૃત્યુની મંજૂરી આપવામાં આવશે. જોકે આ નિર્ણયની વ્યાપક ટીકા થઈ રહી છે અને આ પગલામાં કેટલાક ફેરફારો કરવામાં આવી શકે છે.
- યુનાઈટેડ સ્ટેટ્સમાં વિવિધ રાજ્યોમાં અલગ–અલગ કાયદા છે. વોશિંગ્ટન, ઓરેગોન અને મોન્ટાના જેવા કેટલાક રાજ્યોમાં ઈચ્છામૃત્યુની મંજૂરી છે.

| | | |
|---|---|---|
| 1. | ‘વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ’ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે | (B) |
| 2. | ‘વિશ્વ હાઈપર ટેન્શન દિવસ’ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે | (B) |
| 3. | તાજેતરમાં CBIના નવા ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી પ્રવિણ સિંહા (B) શ્રી ઓમ નાગેશ્વર રાવ<br>(C) શ્રી પી. ઈશ્વરન (D) શ્રી પ્રવીણ સૂદ | (D) |
| 4. | CBIના નવા ડિરેક્ટર તરીકે શ્રી પ્રવીણ સૂદએ કોનું સ્થાન લીધું છે ?<br>(A) શ્રી સુબોધ જયસ્વાલ (B) શ્રી રાકેશ અગ્રવાલ<br>(C) શ્રી રિષિકુમાર શુકલા (D) શ્રી એમ. રાવ | (A) |
| 5. | CBI (Central Bureau of Investigation) સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન અયોગ્ય છે ?<br>(A) CBIની સ્થાપના 'Special Police Establishment' તરીકે વર્ષ 1936માં થઈ હતી.<br>(B) CBIનો મોટો 'Industry, Impartiality, Integrity' છે.<br>(C) CBI ભારત સરકારના ‘કર્મચારી, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય’ હેઠળ કાર્ય કરે છે.<br>(D) CBIના પ્રથમ ડિરેક્ટર શ્રી ડી. પી. કોહલી હતા. | (A) |
| 6. | તાજેતરમાં ‘છઠ્ઠુ હિંદ મહાસાગર સંમેલન’ કયાં યોજાયું હતું ?<br>(A) ઢાકા, બાંગ્લાદેશ (B) કોલંબો, શ્રીલંકા<br>(C) વિશાખાપટ્ટનમ, ભારત (D) બગદાદ, ઈરાક | (A) |
| 7. | નીચેના પૈકી કયા દેશે તાજેતરમાં ‘ઈચ્છા મૃત્યુ’ને કાયદેસર કરતો કાયદો પસાર કર્યો હતો ?<br>(A) ઈરાક (B) સુદાન (C) પોર્ટુગલ (D) બ્રાઝિલ | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 18 મે, (1) આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day)
## (2) વિશ્વ એઈડ્સ રસી દિવસ (World AIDS Vaccine Day) અથવા HIV રસી જાગૃતિ દિવસ (HIV Vaccine Awareness Day)

## આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 18 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સંગ્રહાલય અથવા તો મ્યુઝિયમના મહત્ત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 1983મા 18 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' (International Museum Day)ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- જોકે, એ અગાઉ 'International Council of Museums' (ICOM) દ્વારા 1977થી જ આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની થીમ 'Museums, Sustainability and well-being' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બાર્સેલોનાએ 27મી વખત લા લીગા ફૂટબોલનું ટાઇટલ જીત્યું




તાજેતરમાં બાર્સેલોનાએ ઈસ્પાનોલને 4-2થી હરાવીને લા લીગા ફૂટબોલ ટુર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધુ છે.

- બાર્સેલોનાએ 2019 બાદ પ્રથમ વખત આ ટાઈટલ પોતાના નામે કર્યુ છે.
- આ ટાઈટલ સાથે બાર્સેલોનાએ કુલ 27 વખત લા લીગા ફૂટબોલ ટુર્નામેન્ટનું ટાઈટલ જીત્યું છે.
- લા લીગા એ ફૂટબોલની પ્રસિદ્ધ ટુર્નામેન્ટ (સ્પેનમાં) છે.
- વર્ષ 1929થી યોજાતી આ ટુર્નામેન્ટમાં રીઅલ મેડ્રીડે સાર્વધિક 35 વખત લા લીગાનું ટાઈટલ જીત્યું છે.

## વૈશ્વિક આયુર્વેદ મહોત્સવની 5મી આવૃત્તિ કેરળમાં યોજાશે




કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં 'વૈશ્વિક આયુર્વેદ મહોત્સવ 2023' (Global Ayurveda Festival-GAF)ની પાંચમી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે.

- 1 ડિસેમ્બરથી 5 ડિસેમ્બર દરમિયાન યોજનારી આ ઈવેન્ટનું આયોજન કાર્યવત્તમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં થશે.
- ગ્લોબલ આયુર્વેદ ફેસ્ટિવલ 2023નો ઉદ્દેશ્ય આરોગ્ય સંભાળમાં ઉભરતા પડકારો અને સર્વગ્રાહી ઉપચાર પદ્ધતિ તરીકે આયુર્વેદના નવા મહત્ત્વને પ્રકાશિત કરવાનો છે.
- ગ્લોબલ આયુર્વેદ ફેસ્ટિવલ 2023 'Emerging Challenges in healthcare and a resurgent Ayurveda' થીમ પર કેન્દ્રિત હશે.
- થીમ એક મુખ્ય આરોગ્યસંભાળ શિસ્ત તરીકે તેના કાયાકલ્પનું પ્રદર્શન કરતી વખતે સમકાલીન સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે વ્યવહાર કરવામાં આયુર્વેદની ભૂમિકાને અન્વેષણ કરવાની જરૂરિયાત પર મૂકે છે.
- GAF 2023માં 75 દેશોના 7500 પ્રતિનિધિઓ સાથે નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય હાજરીની અપેક્ષા છે.

## સમુદ્ર શક્તિ-23 (Samudra Shakti-23)



તાજેતરમાં ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે દ્વિપક્ષીય નૌકા કવાયત સમુદ્ર શક્તિ-23ની ચોથી આવૃત્તિ 14 થી 19 મે 2023 દરમિયાન યોજાઈ હતી.

- આ કવાયતમાં ભાગ લેવા માટે સ્વદેશી રીતે બનાવેલ એન્ટી –સબમરીન વોરફેર કોર્વેટ INS કવારત્તી ઈન્ડોનેશિયાના બાટમ(બાતમ) ખાતે પહોંચ્યું હતું.
- આ કવાયતનો ઉદ્દેશ્ય ભારતીય અને ઈન્ડોનેશિયાની નૌકાદળ વચ્ચે આંતરસંચાલન ક્ષમતા, જોડાણ અને પરસ્પર સહયોગ વધારવાનો છે.
- INS કવારત્તી સાથે ભારતીય નૌકાદળનું ડોર્નિયર મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ અને ચેતક હેલિકોપ્ટરે પણ ભાગ લીધો હતો.
- જ્યારે ઈન્ડોનેશિયન નૌકાદળનું પ્રતિનિધિત્વ KRI સુલતાન ઈસ્કંદર મુડા, CN 235 મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ અને AS565 પેન્થર હેલિકોપ્ટરે કર્યુ હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


# યુગે યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલય (Yuge Yugeen National Museum)



ભારત દેશ એક સમૃદ્ધ ઈતિહાસ અને સંસ્કૃતિ ધરાવતો દેશ છે.

- આ સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવા માટે ભારત સરકારે રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીના પ્રતિષ્ઠિત ઉત્તર અને દક્ષિણ બ્લોકમાં 'યુગે યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલય' સ્થાપવાની યોજના જાહેર કરી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 18 મેના રોજ આ મ્યુઝિયમની યોજનાઓનું અનાવરણ કરવામાં આવ્યું છે.
- કેન્દ્રીય સચિવાલય સંકુલના ઉત્તર અને દક્ષિણ બ્લોકમાં પ્રસ્તાવિત આ રાષ્ટ્રીય સંગ્રહાલયનું નામ 'યુગે યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલય' હશે. આ નામ સંસ્કૃતમાંથી ઉતરી આવ્યું છે, જેનો અર્થ થાય છે 'શાશ્વત ભારત'.
- આ મ્યુઝિયમ 1.17 લાખ ચોરસ મીટર વિસ્તારને આવરી લેશે. આ ઈમારતમાં ભારતીય સંસ્કૃતિની સતત યાત્રાને ટ્રેસ કરતા વિવિધ વિભાગો અથવા ખંડો હશે.
- યુગે યુગીન નેશનલ મ્યુઝિયમ ભારતની 5000 વર્ષથી વધુની સમૃદ્ધ સંસ્કૃતિ પ્રદર્શિત કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ‘આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ’ અથવા તો 'International Museum Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(C)**

2. વર્ષ 2023ના ‘આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ’ની થીમ શું છે ?

(A) Museums for a Sustainable Society

(B) Museums and Cultural land Scapes

(C) Museum for equality

(D) Museums, Sustainability and well-being **(D)**

3. ‘વિશ્વ એઈડ્સ રસી દિવસ’ અથવા તો ‘HIV રસી જાગૃતિ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(C)**

4. તાજેતરમાં બાર્સેલોનાએ કેટલામી વખત લા લીગા ફૂટબોલનું ટાઈટલ જીત્યું છે ?

(A) 25મી (B) 26મી (C) 27મી (D) 28મી **(C)**

5. ‘ગ્લોબલ આયુર્વેદ ફેસ્ટિવલ 2023’ની 5મી આવૃત્તિ કયા રાજ્યમાં યોજાશે ?

(A) કેરળ (B) કર્ણાટક (C) હરિયાણા (D) મધ્યપ્રદેશ **(A)**

6. તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં ‘યુગે યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલય’ની સ્થાપના કરવામાં આવશે ?

(A) નવી દિલ્હી (B) ચંદીગઢ (C) ઉત્તરપ્રદેશ (D) મધ્યપ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ડો. મનોજ સોનીએ UPSCના અધ્યક્ષ તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા



16 મે, 2023ના રોજ ડો. મનોજ સોનીએ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા છે.

- કમિશનના સૌથી વરિષ્ઠ સભ્ય શ્રીમતી સ્મિતા નાગરાજએ ડો. મનોજ સોનીને પદ અને ગુપ્તતાના શપથ અપાવ્યા હતા.
- ડો. મનોજ સોની 2017માં UPSCના સભ્ય તરીકે જોડાયા હતા.
- અને બાદમાં તેઓને ભારતના બંધારણના અનુચ્છેદ 316(A) હેઠળ UPSCના અધ્યક્ષ પદની ફરજો નિભાવવા માટે એપ્રિલ 2022માં નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- એપ્રિલ, 2022માં જ્યારે તેમની UPSCના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી ત્યારે તેમણે પ્રોફેસર પ્રદીપ કુમાર જોશીનું સ્થાન લીધુ હતું.
- ડો. મનોજ સોની આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નિષ્ણાત છે. અને તેમણે રાજકીય વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો.
- તેમણે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા (MSU બરોડા)ના વાઈસ ચાન્સેલર તરીકે સેવા આપી છે.
- આ ઉપરાંત તેમણે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે આંતરરાષ્ટ્રીય સંબંધોનું શિક્ષણ આપ્યું હતું.

## UPSC

UPSCનું પૂરું નામ 'Union Public Service Commission' (સંઘ લોક સેવા આયોગ) છે.

- UPSC એ ભારતના બંધારણ દ્વારા સ્થપાયેલી એક બંધારણીય અથવા તો સંવૈધાનિક સંસ્થા છે.
- ભારતીય બંધારણના ભાગ-14માં અનુચ્છેદ 315થી 323 અંતર્ગત 'સંઘ લોક સેવા આયોગ'ની જોગવાઈ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## UPSCના અધ્યક્ષની નિમણૂક

ભારતીય બંધારણના અનુચ્છેદ 316(1) અનુસાર UPSCના અધ્યક્ષ તથા અન્ય સભ્યોની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

## UPSCના અધ્યક્ષની મુદત

ભારતીય બંધારણના અનુચ્છેદ 316(2) અનુસાર UPSCના અધ્યક્ષ અથવા તો સભ્યોની મુદત 6 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરી થાય તે હોય છે.

## UPSCના અધ્યક્ષ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણમાં UPSCના અધ્યક્ષ બનવા માટે કોઈ ચોક્કસ લાયકાતની જોગવાઈ કરવામાં આવી નથી.

- પરંતુ ભારતીય બંધારણના અનુચ્છેદ 361(1) અનુસાર લોક સેવા આયોગના કુલ સભ્યોમાંથી અડધા સભ્યોને ભારત સરકાર અથવા રાજ્ય સરકારમાં ઓછામાં ઓછા 10 વર્ષ કામ કરવાનો અનુભવ હોવો જરૂરી છે.

નોંધ : (1) સંઘ લોક સેવા આયોગના કાર્યો અંગેની જોગવાઈ અનુચ્છેદ 320 અંતર્ગત કરવામાં આવી છે.

(2) ભારતીય બંધારણના અનુચ્છેદ 316(2) (ક) અનુસાર સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યો ભારતના રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું આપે છે.

(3) અનુચ્છેદ 323 અનુસાર UPSC દર વર્ષે પોતાનો રિપોર્ટ તૈયાર કરીને રાષ્ટ્રપતિને સોંપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# આંતરિક વિસ્થાપન પર વૈશ્વિક અહેવાલ-2023

તાજેતરમાં Internal Displacement Monitoring Center (IDMC)એ 'ગ્લોબલ રિપોર્ટ ઓન ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ (GRID 2023)' નામનો એક રિપોર્ટ બહાર પાડયો છે.

- આ રિપોર્ટ મુજબ વર્ષ 2021ની સરખામણીમાં વર્ષ 2022માં આપત્તિઓના કારણે વિસ્થાપિત લોકોની સંખ્યામાં 40%નો વધારો થયો છે.
- IDMC એ આંતરિક વિસ્થાપન પર ડેટા અને વિશ્લેષણનો વિશ્વનો અગ્રણી સ્ત્રોત છે. તે આંતરિક વિસ્થાપન પર ઉચ્ચ–ગુણવત્તાવાળા ડેટા, વિશ્લેષણ અને કુશળતા પ્રદાન કરે છે જેનો હેતુ નીતિ અને કાર્યકારી નિર્ણયોની જાણ કરવાનો છે જે ભવિષ્યમાં વિસ્થાપનના જોખમને ઘટાડી શકે છે.

## રિપોર્ટના મુખ્ય તારણો

ગ્લોબલ રિપોર્ટ ઓન ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ (GRID) 2023 રિપોર્ટના મુખ્ય તારણો નીચે મુજબ દર્શાવ્યા છે.

## વિસ્થાપનની કુલ સંખ્યા

110 દેશો અને પ્રદેશોમાં આંતરિક રીતે વિસ્થાપિત રહેતા લોકોની સંખ્યા 71.1 મિલિયનના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી છે.

- સંઘર્ષ અને હિંસાને કારણે 62.5 મિલિયન લોકો વિસ્થાપિત થયા છે. જ્યારે 8.7 મિલિયન આફતોને કારણે વિસ્થાપિત થયા છે.
- જેના કારણે પાકિસ્તાન, નાઈજીરીયા અને બ્રાઝિલ સહિત ઘણા દેશોમાં પૂરને કારણે વિસ્થાપિત થયેલા લોકોની સંખ્યામાં વધારો થયો છે.
- વર્ષ 2021 સુધીમાં 30.7 મિલિયન લોકો આફતોને કારણે વિસ્થાપિત થયા હતા.
- નોંધનીય છે કે વર્ષ 2022માં લગભગ 150 દેશો અથવા પ્રદેશોએ આવા વિસ્થાપનની જાણ કરી હતી.

## દેશો મુજબના દૃશ્ય

વર્ષ 2022માં પાકિસ્તાનમાં આપત્તિના કારણે વિશ્વમાં સૌથી વધુ 8.16 મિલિયન લોકો વિસ્થાપિત થયા હતા.

- પાકિસ્તાનમાં પૂરને કારણે લાખો લોકો વિસ્થાપિત થયા હતા, જે વૈશ્વિક આપત્તિના વિસ્થાપનના એક ચતુર્થાંશ માટે જવાબદાર છે.
- ફિલિપાઈન્સ 5.44 મિલિયન વિસ્થાપિત સાથે બીજા અને ચીન 3.63 મિલિયન સાથે ત્રીજા સ્થાને છે.
- 2.5 મિલિયન સાથે ભારત ચોથું મોટું આપત્તિ વિસ્થાપન રેકોર્ડ કરે છે અને નાઈજીરિયા 2.4 મિલિયન સાથે પાંચમા ક્રમે છે.

## વિસ્થાપનના પરિબળો

આપત્તિઓમાં વધારો, ખાસ કરીને હવામાનશાસ્ત્રની અસર, મોટે ભાગે લા નીનાની અસરનું પરિણામ છે જે સતત ત્રીજા વર્ષે ચાલુ રહી છે.

- ટ્રિપલ–ડીપ લા નીનાએ સમગ્ર વિશ્વમાં વ્યાપક આફતો સર્જી હતી.
- 2022માં રશિયા–યુક્રેન યુદ્ધને કારણે વિસ્થાપિત લોકોની સંખ્યામાં વધારો થયો છે.
- સંઘર્ષના પરિણામે 16.9 મિલિયન લોકોનું વિસ્થાપન થયું જે કોઈપણ દેશ માટે અત્યાર સુધીનો સૌથી વધુ આંકડો છે.
- સંઘર્ષ અને હિંસા સાથે જોડાયેલા વિસ્થાપનની સંખ્યા લગભગ બમણી થઈને 28.3 મિલિયન થઈ ગઈ છે.

## ભારતીય પરિદ્રશ્ય

ભારતમાં 2022માં સંઘર્ષ અને હિંસાને કારણે 6,31,000 લોકો આંતરિક રીતે વિસ્થાપિત થયા હતા.

- જ્યારે 2.5 મિલિયન લોકો આપત્તિને કારણે વિસ્થાપિત થયા હતા.
- ભારત અને બાંગ્લાદેશમાં ચોમાસાની ઋતુની સત્તાવાર પુષ્ટિ થાય તે પહેલા જ પૂર જોવા મળે છે, જે સામાન્ય રીતે જુલાઈના મધ્યથી સપ્ટેમ્બર વચ્ચે સમયગાળો હોય છે.
- આસામ રાજ્ય મે 2022માં પ્રારંભિક પૂરથી પ્રભાવિત થયું હતું. અને તે જ વિસ્તારોમાં જૂનમાં ફરીથી પૂર આવ્યું હતું.
- તેનાથી રાજ્યભરના લગભગ પાંચ લાખ લોકોને અસર થઈ હતી.
- ભારતના કેટલાક ભાગોમાં જુલાઈ 2022માં છેલ્લા 122 વર્ષમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો હતો.
- સમગ્ર ભારતમાં ચોમાસાના સમયગાળાના અંત સુધીમાં 2.1 મિલિયન લોકો વિસ્થાપિત થયા હતા. જે 2021ની સિઝન દરમિયાન 5 મિલિયનથી ઓછા હતા.

## આંતરિક વિસ્થાપન

### પરિચય

- આંતરિક વિસ્થાપન એવા લોકોની પરિસ્થિતિનું વર્ણન કરે છે જેમને તેમના ઘર છોડવાની ફરજ પાડવામાં આવી છે પરંતુ તેમનો દેશ છોડ્યો નથી.

### કારણ

- દર વર્ષે લાખો લોકો તેમના ઘરો અથવા રહેઠાણના સ્થળો છોડી દે છે અને સંઘર્ષ, હિંસા, વિકાસ પ્રોજેક્ટ્સ, આપત્તિઓ અને આબોહવા પરિવર્તનના સંદર્ભમાં તેમના દેશોની સરહદોની અંદર વિસ્થાપિત થાય છે.

### ઘટકો

- આંતરિક વિસ્થાપન બે ઘટકો પર આધારિત છે :

(1) જો લોકોનું વિસ્થાપન ફરજિયાત અથવા અનૈચ્છિક છે (તેમને આર્થિક અને અન્ય સ્વૈચ્છિક સ્થળાંતર કરતા પાડવા માટે);

(2) જો વ્યક્તિ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત રાજ્યની સરહદોની અંદર રહે છે. (તેમને શરણાર્થીઓથી અલગ પાડવા માટે)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શરણાર્થીથી ભિન્નતા

1951ના શરણાર્થી સંમેલન મુજબ 'શરણાર્થી' એ એવી વ્યક્તિ છે કે જેની પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હોય અને તેનો મૂળ દેશ છોડવાની ફરજ પાડવામાં આવી હોય.

- શરણાર્થીઓથી વિપરિત આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓ કોઈપણ આંતરરાષ્ટ્રીય સંમેલનનો વિષય નથી.
- આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓના રક્ષણ અને સહાયતા માટે કોઈ એક એજન્સી અથવા સંસ્થાને આંતરરાષ્ટ્રીય સ્તરે વૈશ્વિક નેતા તરીકે નિયુક્ત કરવામાં આવી નથી.
- જોકે આંતરિક વિસ્થાપન પર યુએનના માર્ગદર્શક સિદ્ધાંતો છે.

## બ્રહ્મોસ મિસાઈલનું INS મોર્મુગાઓથી સફળતાપૂર્વક પરીક્ષણ



તાજેતરમાં માર્ગદર્શિત મિસાઈલ વિનાશક INS મોર્મુગાઓમાંથી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું પ્રથમ ફાયરિંગ પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું.

- આ સાથે ભારતીય નૌકાદળએ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પ્રાપ્ત કર્યુ છે.
- આ પરીક્ષણે નૌકાદળની આત્મનિર્ભરતા અને દરિયામાં ઉન્નત ફાયરપાવરનું નિદર્શન કર્યુ હતું.
- સફળ બ્રહ્મોસ મિસાઈલ ફાયરિંગ એ INS મોર્મુગાઓ માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે.
- અદ્યતન શસ્ત્રો અને સેન્સરથી સજ્જ આ વિનાશકએ ચોકસાઈ અને અસરકારકતા સાથે લક્ષ્યોને જોડવાની તેની ક્ષમતા દર્શાવી છે.
- તે તેની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓને વધારવા અને બાહ્ય સ્ત્રોતો પર નિર્ભરતા ઘટાડવાની દેશની પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે.

### INS મોર્મુગાઓ

INS મોર્મુગાઓ ભારતીય નૌકાદળના વિશાખાપટ્ટનમ-ક્લાસ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સનું બીજું જહાજ છે.

- ગોવાના ઐતિહાસિક બંદર મોર્મુગાઓના નામ પરથી તેનું નામ રાખવામાં આવ્યું છે.
- આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર 163 મીટર લાંબુ અને 17 મીટર પહોળુ છે.

- જેમાં 7400 ટનનું વિસ્થાપન તથા તેની 30 નોટિકલ માઈલ (લગભગ 55 કિમી પ્રતિ કલાક)ની ઝડપ છે.
- જહાજની 75 ટકાથી વધુ સામગ્રી ભારતમાં ઉત્પાદિત અને વિકસિત કરવામાં આવી હતી, કાં તો સીધી રીતે અથવા ભારતીય મૂળના સાધનો ઉત્પાદકો (OEMs) દ્વારા અથવા વ્યૂહાત્મક જોડાણ દ્વારા વિકસાવવામાં આવી હતી.
- લગભગ 35,800 કરોડ રૂપિયાના કુલ ખર્ચ સાથે પ્રોજેક્ટ 15B હેઠળ આ બીજું જહાજ બનાવવામાં આવ્યું છે.
- આ જહાજ ઘણા સ્વદેશી શસ્ત્રોથી સજ્જ છે જેમ કે મધ્યમ–રેન્જની સપાટીથી હવામા પ્રહાર કરનાર મિસાઈલો વગેરે આધુનિક શસ્ત્રોની સજ્જ છે.
- તે સ્વદેશી ટોરપિડો ટ્યૂબ લોન્ચર (લાર્સન એન્ડ ટુબ્રો, મુંબઈ), એન્ટી સબમરીન રોકેટ લોન્ચર (લાર્સન એન્ડ ટુબ્રો, મુંબઈ) અને 75 મીમી સુપર રેપિડ ગન માઉન્ટ (BHEL હરિદ્વાર) તેમજ વિવિધ ગન સિસ્ટમથી પણ સજ્જ છે.
- આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર બે મલ્ટી–રોલ હેલિકોપ્ટર ચલાવવા માટે સક્ષમ હશે, જે વિવિધ અત્યાધુનિક શસ્ત્રો અને મલ્ટી–ફંક્શનલ સર્વેલન્સ રડાર જેવા સેન્સરથી સજ્જ છે.

નોંધ : (1) INS મોર્મુગાઓને સૌપ્રથમ સપ્ટેમ્બર 2016માં લોન્ચ કરવામાં આવ્યું હતું. અને 2021માં દરિયાઈ પરીક્ષણો શરૂ કર્યા હતા, જે ગોવા મુક્તિના 60 વર્ષ સાથે સુસંગત છે.

(2) પ્રોજેક્ટ 15B ભારત સરકારનો એક કાર્યક્રમ છે જે અંતર્ગત ભારતીય નૌકાદળ માટે નેક્સ્ટ જનરેશનના સ્ટીલ્થ ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર્સ મઝગાવ ડોક્સ લિમિટેડ (MDL), મુંબઈ ખાતે બનાવવામાં આવી રહ્યા છે.

(3) INS સુરત, INS ઈમ્ફાલ અને INS વિશાખાપટ્ટનમ પણ આ વર્ગના જહાજો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રહ્મોસ મિસાઈલ

બ્રહ્મોસ મિસાઈલ એ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે.

- તેને જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ, એરક્રાફ્ટ પરથી લોન્ચ કરી શકાય છે.
- તે કોઈપણ હવામાનમાં દિવસ અને રાત કામ કરી શકે છે.
- તે 'ફાયર એન્ડ ફોર્ગેટ્સ'ના સિદ્ધાંત પર કામ કરે છે. એટલે કે તેને લોન્ચ કર્યા પછી માર્ગદર્શનની જરૂર નથી.
- તે બે તબક્કાવાળી (પ્રથમ તબક્કામાં સોલિડ પ્રોપેલન્ટ એન્જિન અને બીજા તબક્કામાં લિક્વિડ રેમજેટ) મિસાઈલ છે.
- બ્રહ્મોસ મિસાઈલ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોમાંથી એક છે.
- બ્રહ્મોસ મિસાઈલ એ રશિયાના NPO Mashinostroeyenia અને ભારતના DRDO વચ્ચેનું સંયુક્ત સાહસ છે.

- ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી આ મિસાઈલનું નામ બ્રહ્મોસ રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસ મિસાઈલ હાલમાં મેક 2.8ની ઝડપે કામ કરે છે, જે અવાજની ગતિ કરતા લગભગ 3 ગણી વધારે છે.

## MTCR વિશે

MTCRનું પૂરું નામ 'Missile Technology Control Regime' છે.

- મિસાઈલ અને માનવ રહિત હવાઈ વાહન ટેકનોલોજીના ફેલાવાને રોકવા માટે 35 દેશો વચ્ચે આ એક અનૌપચારિક અને સ્વૈચ્છિક ભાગીદારી છે, જે 300 કિ.મી.ની રેન્જમાં 500 કિગ્રાથી વધુ પેલોડ વહન કરવામાં સક્ષમ છે.
- આમ સભ્યોને આવી મિસાઈલો અને UAV સિસ્ટમ સપ્લાય કરવાથી અટકાવવામાં આવે છે. જે બિન–સભ્યો માટે MTCR દ્વારા નિયંત્રિત છે.
- તમામ સભ્યોની સંમતિથી નિર્ણયો લેવામાં આવે છે. MTCR સભ્યો દેશોનું બિન–સંધિ સંગઠન છે.
- તેની સ્થાપના એપ્રિલ 1987માં G7 દેશો – યુ.એસ, યુકે, ફ્રાન્સ, જર્મની, કેનેડા, ઈટાલી અને જાપાન દ્વારા કરવામાં આવી હતી.
- તે કાયદેસર રીતે બંધનકર્તા નથી તેથી શાસનની માર્ગદર્શિકાનું પાલન ન કરવા સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા નથી.
- વર્ષ 2016માં ભારત MTCRના 35માં સભ્ય તરીકે જોડાયું હતું.




**1. UPSCના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો ?**

**(A) ડૉ. પ્રદીપ કુમાર જૈન** **(B) શ્રી અરવિંદ કુમાર જાની**

**(C) શ્રી પંકજ મહાજન** **(D) ડૉ. મનોજ સોની** **(D)**

**2. UPSC સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**1. તેમનું પૂરું નામ 'Union Public Service Commission' છે.**

**2. તે ભારતના બંધારણ દ્વારા સ્થપાયેલી એક બંધારણીય અથવા સંવૈધાનિક સંસ્થા છે.**

**3. ભારતીય બંધારણના અનુચ્છેદ 314(1) અનુસાર UPSCના અધ્યક્ષ તથા અન્ય સભ્યોની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો**

**(A) ફક્ત 1 અને 2** **(B) ફક્ત 2 અને 3** **(C) ફક્ત 1 અને 3** **(D) 1, 2 અને 3** **(A)**

**3. તાજેતરમાં Internal Displacement Monitoring Center' (IDMC)એ ‘ગ્લોબલ રિપોર્ટ ઓન ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ’ (GRID 2023) નામનો એક રિપોર્ટ બહાર પાડયો છે. આ રિપોર્ટ સંદર્ભે નીચેના નિવેદનો પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?**

**1. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021ની સરખામણીમાં વર્ષ 2022માં આપત્તિઓના કારણે વિસ્થાપિત લોકોની સંખ્યામાં 40%નો વધારો થયો છે.**

**2. 2022માં પુરને કારણે નેપાળ અને બાંગ્લાદેશમાં 3.4 મિલિયન લોકો વિસ્થાપિત થયા હતા.**

**3. આ રિપોર્ટ અનુસાર 110 દેશો અને પ્રદેશોમાં આંતરિક રીતે વિસ્થાપિત રહેતા લોકોની સંખ્યા 71.2 મિલિયનના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી છે.**

**4. વર્ષ 2022માં પાકિસ્તાનમાં આપત્તિના કારણે વિશ્વમાં સૌથી વધુ 8.16 મિલિયન લોકો વિસ્થાપિત થયા હતા.**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો**

**(A) ફક્ત 1, 2 અને 3** **(B) ફક્ત 1, 3 અને 4** **(C) ફક્ત 1 અને 3** **(D) 1, 2, 3 અને 4** **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં બ્રહ્મોસ મિસાઈલનું INS મોર્મુગાઓમાંથી સફળ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

INS મોર્મુગાઓ સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. INS મોર્મુગાઓ ભારતીય નૌકાદળના વિશાખાપટ્ટનમ–ક્લાસ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સનું બીજું જહાજ છે.
2. ગોવાના ઐતિહાસિક બંદર મોર્મુગાઓના નામ પરથી આ જહાજનું નામ રાખવામાં આવ્યું છે.
3. આ જહાજ જાપાનની JANML કંપનીની સહાયથી બનાવવામાં આવ્યું છે.
4. આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર 163 મીટર લાંબુ અને 17 મીટર પહોળું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**




## દિવસ મહિમા : 20 મે, (1) વિશ્વ મધમાખી દિવસ (World Bee Day)
## (2) વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day)

### વિશ્વ મધમાખી દિવસ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 મે ના રોજ 'વિશ્વ મધમાખી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મધમાખીઓ અને પરાગ રજકોના મહત્ત્વ, ટકાઉ વિકાસ અને તેમના સંરક્ષણમાં તેમનું યોગદાન વિશે જાગૃતિ લાવવાનો છે.
- 18મી સદીમાં મધમાખી ઉચ્છેરની તકનીકીની શરૂઆત કરનાર શ્રી એન્ટોન જનસાના જન્મ દિવસ નિમિત્તે 20 મે ને 'વિશ્વ મધમાખી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2023ના વિશ્વ મધમાખી દિવસની થીમ 'Bee Engaged in pollinator- Friendly agricultural Production' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કર્ણાટકના નવા મુખ્યમંત્રી : શ્રી સિદ્ધારમૈયા



તાજેતરમાં કર્ણાટક રાજ્યમાં 224 બેઠક પર વિધાનસભા માટેની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને સૌથી વધુ 135 બેઠકો મળી હતી.
- જ્યારે ભારતીય જનતા પાર્ટીને 66 બેઠક મળી હતી.
- તથા JDSને 19 બેઠક તથા અન્યને 4 બેઠક મળી હતી.
- કર્ણાટક રાજ્યની વિધાનસભામાં કુલ 224 બેઠક છે. આથી કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી માટે કુલ 113 સીટની જરૂર હોય છે.
- જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે 135 બેઠક (135+1 અન્ય = 136) પર ઐતિહાસિક જીત મેળવી છે.

## કર્ણાટકના નવા મુખ્યમંત્રી

કર્ણાટક રાજ્યની વિધાનસભામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો પ્રચંડ બહુમતથી વિજય થયા બાદ મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રી સિદ્ધારમૈયાને કર્ણાટકના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે.
- જ્યારે નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી ડી. કે. શિવકુમારની નિમણૂક કરવામાં આવી છે.
- કર્ણાટકના રાજ્યપાલ શ્રી થાવરચંદ ગેહલોતે શ્રી સિદ્ધારમૈયાને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.

નોંધ: (1) આ અગાઉ શ્રી સિદ્ધારમૈયાએ 1996 થી 1999 અને 2004થી 2005 કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. ત્યારે તેઓ JDS (જનતાદળ–સેક્યુલર)ના સભ્ય હતા.

(2) આ ઉપરાંત તેમણે કર્ણાટક વિધાનસભામાં વિરોપક્ષના નેતા તરીકે પણ સેવા આપી હતી..

## વિધાનસભા અને મુખ્યમંત્રી વિશે બંધારણીય જોગવાઈ

### વિધાનસભા

વિધાનસભા એ રાજ્યનું નીચલું ગૃહ તરીકે ઓળખાય છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 170માં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ– 170માં જોગવાઈ કરવામાં આવી છે કે કોઈપણ રાજ્યની વિધાનસભાની સભ્ય સંખ્યા (બેઠકો) મહત્તમ 500 અને ઓછામાં ઓછી 60 રહેશે.
- પરંતુ અમુક રાજ્યોને છૂટ આપવામાં આવી છે કે જેમાં વિધાનસભાની સભ્ય સંખ્યા 60 કરતા ઓછી છે. આવા રાજ્યો નીચે મુજબ છે :

  (1) સિક્કિમ– 32 બેઠકો, (2) મિઝોરમ– 40 બેઠકો, (3) ગોવા– 40 બેઠકો.
- 28 રાજ્યો ઉપરાંત 3 કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ વિધાનસભાની વ્યવસ્થા છે. જેમા દિલ્હી, પુડુચેરી અને જમ્મુ કશ્મીરનો સમાવેશ થાય છે. (જમ્મુ–કાશ્મિરને વર્ષ 2019માં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો. હાલમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા કાર્યરત નથી પરંતુ સિમાંકન પૂરું થયા બાદ ટૂંક સમયમાં ત્યાં વિધાનસભા કાર્યરત થવાની સંભાવના છે. આથી હાલમાં દિલ્હી અને પુડુચેરી કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા કાર્યરત છે).

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત

બંધારણના અનુચ્છેદ– 173 મુજબ વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત નીચે મુજબ છે :

**વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત**

- તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
- તે વ્યક્તિ જે તે રાજ્યના વતની હોવા જોઈએ એટલે કે સંબંધિત રાજ્યના કોઈપણ મત ક્ષેત્રની મતદર યાદીમાં નામ હોવું જોઈએ.
- વ્યક્તિની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અંતર્ગતની કોઈ સેવાઓમાં લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ.

## વિધાનસભાના સભ્યના શપથ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 188 મુજબ વિધાનસભાના પ્રત્યેક સભ્યએ રાજ્યપાલ અથવા રાજ્યપાલ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ સમક્ષ બંધારણની અનુસૂચિ– 3 ના નમૂના મુજબ શપથ લેવાના હોય છે.

## મુખ્યમંત્રીની નિમણૂક

ભારતીય બંધારણના અનુચ્છેદ– 164 (1) મુજબ મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત રાજ્યોના રાજ્યપાલ કરશે.

- મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરે છે. જેનો અર્થ એ નથી કે રાજ્યપાલ કોઈપણ વ્યક્તિને મુખ્યમંત્રી બનાવી શકે.
- પરંતુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ રાજ્યપાલ બહુમતી ધરાવતા પક્ષને સરકાર બનાવવા આમંત્રણ આપે છે. અને આ બહુમતી ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- બીજી એ પણ શક્યતા છે જો કોઈ પક્ષને વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ન મળે તો જોડાણ (ગઠબંધન) દ્વારા બનેલા પક્ષોમાંથી સૌથી મોટા પક્ષને રાજ્યપાલ સરકાર બનાવવા આમંત્રિત કરે છે. અને ગઠબંધનના પક્ષો દ્વારા નક્કી કરેલ વ્યક્તિની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- આ ઉપરાંત બંધારણના અનુચ્છેદ– 164 (4)માં જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ ગૃહના (વિધાનસભા કે વિધાનપરિષદ) સભ્ય ન હોય પરંતુ ગૃહનો સભ્ય બનવાની લાયકાત ધરાવતા હોય તો તેને મુખ્યમંત્રી બનાવી શકાય છે.
- પરંતુ આવી વ્યક્તિએ વધુમાં વધુ 6 મહિનામાં કોઈપણ ગૃહનું સભ્યપદ મેળવવું અનિવાર્ય છે અન્યથા 6 મહિના બાદ તે મુખ્યમંત્રી પદ પર રહી શકશે નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


## મુખ્યમંત્રીના શપથ

- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ– 164(3)</u> મુજબ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ રાજ્યના રાજ્યપાલ સમક્ષ બંધારણની <u>અનુસૂચિ 3</u> મુજબ હોદ્દાના શપથ ગ્રહણ કરવાના હોય છે.

## મુખ્યમંત્રીનો કાર્યકાળ

મુખ્યમંત્રીનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી. જ્યાં સુધી વિધાનસભામાં બહુમતી હોય ત્યાં સુધી મુખ્યમંત્રી પોતાના પદ પર રહે છે.

- પરંતુ વિધાનસભામાં બહુમતિ પ્રાપ્ત ન થાય તો રાજીનામું આપવું પડે છે. જો મુખ્યમંત્રી રાજીનામું આપવા તૈયાર ન થાય તો રાજ્યપાલ તેમને પદ પરથી બરખાસ્ત કરે છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્ય મંત્રીપરિષદ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 163 (1)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલની મદદ માટે મંત્રીપરિષદ રહેશે.

- જ્યારે બંધારણના અનુચ્છેદ 164 (1)માં એવી જોગવાઈ કરવામા આવી છે કે રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી મંત્રીઓની નિમણૂક કરશે.
- રાજ્યની મંત્રીપરિષદમાં કેન્દ્રીય મંત્રીપરિષદ જેવી જ વ્યવસ્થા હોય છે અને મંત્રીઓને કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી તેમજ ઉપમંત્રી અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવે છે.

## મંત્રી બનવાની લાયકાત

- મંત્રીપદ માટે કોઈ વિશેષ જોગવાઈઓ નથી પરંતુ અનુચ્છેદ– 164 (4)માં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ :
  (a) વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ એક ગૃહ વિધાનસભા કે વિધાન પરિષદનો સભ્ય હોવો જોઈએ.
  (b) જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈ ગૃહનો સભ્ય ન હોય તો તે વધુમાં વધુ 6 મહિના સુધી મંત્રી પદ પર રહી શકે છે જેનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિ 6-6 મહિના એમ કરીને ગૃહનો સભ્ય ન બને ત્યાં સુધી પ્રયત્ન કરી શકે આથી અહીં વધુમાં 6 વધુ મહિના શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

## શપથ

- મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા તેમણે બંધારણની અનુસૂચિ 3માં આપેલા નમૂના અનુસાર રાજ્યના રાજ્યપાલ સમક્ષ હોદ્દાના અને ગુપ્તાના શપથ લેવાના હોય છે.

## મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યા

- બંધારણ સભા દ્વારા મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા અંગે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નહોતી. પરંતુ બાદમાં 91માં 'બંધારણીય સુધારા અધિનિયમ, 2003' દ્વારા બંધારણના અનુચ્છેદ 164 (1) (a) અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના 15% થી વધારે ન હોવી જોઈએ અને મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા 12 થી ઓછી ન હોવી જોઈએ.

નોંધ : રાજ્ય વિધાનમંડળના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાજ્યપાલને જવાબદાર છે તથા સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ મધમાખી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે
**(C)**

2. 'વિશ્વ માપ વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે
**(C)**

3. શ્રી સિદ્ધારમૈયાએ તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે ?
(A) કર્ણાટક (B) કેરળ (C) તમિલનાડુ (D) તેલંગાણા
**(A)**

4. તાજેતરમાં કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણી 2023નું આયોજન થયું હતું. જેમાં સૌથી વધુ બેઠકો કયા પક્ષે જીતી છે ?
(A) ભારતીય જનતા પાર્ટી (B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
(C) આમ આદમી પાર્ટી (D) જનતા દળ સેક્યુલર
**(B)**

5. કર્ણાટક વિધાનસભામાં કુલ કેટલી બેઠકો છે ?
(A) 160 (B) 188 (C) 224 (D) 263
**(C)**

6. નીચેના નિવેદનો પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?
1. ભારતીય બંધારણના અનુચ્છેદ–167માં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે.
2. ભારતીય બંધારણના અનુચ્છેદ–167(1)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલની મદદ માટે મંત્રીપરિષદ હશે.
3. ભારતીય બંધારણના અનુચ્છેદ–163(1)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલની મદદ માટે મંત્રીપરિષદ રહેશે.
4. રાજ્ય વિધાનમંડળના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાજ્યપાલને જવાબદાર છે તથા સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો
(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 3 અને 4 (D) 1, 2, 3 અને 4
**(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **અમૃત આવાસ ઉત્સવ**




તાજેતરમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા અમૃત આવાસોત્સવમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સથી લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં તેમણે લાભાર્થીઓને રસપ્રદ પ્રશ્નો પૂછીને સમાજસેવા કરવાની શીખ આપી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે પીએમ–આવાસ યોજનાએ આવાસ ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તન લાવ્યું છે  તેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થયો છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ગરીબ પરિવારોને ઘરના ઘરનું સપનું સાકાર કરવા ગુજરાતે 40 હજારથી વધુ આવાસો પૂર્ણ કર્યા છે.

અમૃત આવાસ ઉત્સવ અને વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સમારોહમાં સ્વાગત પ્રવચન કરતા ગ્રામિણ વિકાસ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે આ પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ. 1946 કરોડના 42441 આવાસોના ગૃહપ્રવેશ, લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ રૂ. 2452 કરોડના વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **જળશક્તિ અભિયાન : કેચ ધ રેઈન 2023 અભિયાન**




તાજેતરમાં નેશનલ વોટર મિશન (NWM), જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુર્નજીવન (DOWR), જળ શક્તિ મંત્રાલયે નવી દિલ્હીના જનપથ ખાતે સ્થિત ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે વર્કશોપ ખાતે 'વર્કશોપ–કમ–ઓરિએન્ટેશન પ્રોગ્રામ'નું આયોજન કર્યુ હતું. તે એ કેન્દ્રીય નોડલ અધિકારીઓ (CNO) અને ટેકનિકલ ઓફિસર્સ માટે હતું કે જેઓ 'જળશક્તિ અભિયાન : કેચ ધ રેઈન 2023ના અસરકારક અમલીકરણની ખાતરી કરવા માટે પાણીની અછતનો સામનો કરી રહેલા 150 જિલ્લાઓની મુલાકાત લેશે. જળશક્તિ અભિયાન : કેચ ધ રેઈન 2023 એ વર્ષ 2019થી શરૂ કરાયેલી જળશક્તિ અભિયાન શ્રેણીનો ચોથો એપિસોડ છે અને તેનો ઉદ્દેશ્ય ભારતભરના 150 જિલ્લાઓમાં પાણીના તણાવ અથવા વોટર સ્ટ્રેસને દૂર કરવાનો છે અને જળ સંરક્ષણ, જળ સંસ્થાઓના સંરક્ષણ, બોરવેલ રિચાર્જ, વોટર શેડ ડેવલપમેન્ટ અને વનીકરણ પર ફોકસ કરવાનો છે. વર્ષ 2023નું આ અભિયાન 4 માર્ચ, 2023થી 30 નવેમ્બર, 2023 સુધી દેશના તમામ જિલ્લાઓ, (ગ્રામીણ અને શહેરી વિસ્તારો)માં ચલાવવામાં આવી રહ્યું છે. તેની થીમ 'પીવાના પાણી માટે સ્થિર સ્ત્રોત' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **આયુષ્માન આસોમ-મુખ્યમંત્રી જન આરોગ્ય યોજના**




આસામ સરકાર દ્વારા તાજેતરમાં શરૂ કરાયેલ આયુષ્માન આસોમ–મુખ્યમંત્રી જન આરોગ્ય યોજના એ સુલભ અને સસ્તું આરોગ્યસંભાળની શોધમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. આયુષ્માન આસોમ એક ફેમિલી–ફ્લોટર હેલ્થ એશ્યોરન્સ યોજના છે. જે આસામમાં પરિવારોને પ્રતિ વર્ષ રૂ. 5 લાખ સુધીની કેશલેસ તબીબી સારવાર કરવા માટે રચાયેલ છે. આ પ્રગતિશીલ પગલાનો ઉદ્દેશ્ય નાણાકીય અવરોધોને તોડી પાડવા અને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ સેવાઓ તમામ રહેવાસીઓ માટે ઉપલબ્ધ છે તેની ખાતરી કરવાનો છે. આયુષ્માન આસોમના અમલીકરણની મહત્ત્વની જવાબદારી આસામ સરકાર હેઠળ કાર્યરત તબીબી શિક્ષણ અને સંશોધન વિભાગની છે.

➤ **ભારત ઈ-માર્ટ પોર્ટલ**




ઈન્ડિયા પોસ્ટ, કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) અને તૃપ્તા ટેક્નોલોજીએ 'ભારત ઈ–માર્ટ' પોર્ટલ બનાવ્યું છે, જે સમગ્ર ભારતમાં વેપારીઓને માલની પિક–અપ અને ડિલિવરી સેવાઓ પ્રદાન કરશે. તાજેતરમાં દિલ્હીમાં સંચાર રાજ્યમંત્રી શ્રી દેવસિંહ ચૌહાણની હાજરીમાં MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. 'ભારત ઈ–માર્ટ' પોર્ટલ ભારતના નાના વેપારીઓને ખૂબ જ જરૂરી લોજિસ્ટિક્સ સપોર્ટ પ્રદાન કરશે. જેનાથી તેમના વ્યવસાય અને રોજગારની તકોને વેગ મળશે. તેનાથી CAIT સાથે સંકળાયેલા આઠ કરોડ વેપારીઓને ફાયદો થવાની અપેક્ષા છે. આ ઉપરાંત ઈન્ડિયા પોસ્ટે પણ તાજેતરના ભૂતકાળમાં સરકારી ઈ–માર્કેટપ્લેસ (Gem) અને ટ્રાઈબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (TRIFED)ના પ્રાદેશિક કેન્દ્રો સાથે સમાન કરાર કર્યા છે.

➤ **SCOએ DPIને સમર્થન આપવા માટે ભારતના પ્રસ્તાવને અપનાવ્યો**

તાજેતરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)એ વિકાસને પ્રોત્સાહન આપવા તેમજ દેશના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI)ની સ્વીકૃતિ માટે ભારતના પ્રસ્તાવને અપનાવ્યો છે. આ પગલું ડિજિટલ ક્ષેત્રમાં ભારતના નેતૃત્વ અને આ ક્ષેત્રમાં ડિજિટલ વિભાજનને દૂર કરવા માટેની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ભારતની DPI દરખાસ્ત SCO સભ્ય દેશો દ્વારા ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ અને અપનાવવાને સમર્થન આપે છે. દરખાસ્તમાં આધાર, UPI, Digilocker જેવા પ્લેટફોર્મનો સમાવેશ થાય છે. જે ઓપન અને ઈન્ટરઓપરેબલ એપ્લિકેશન પ્રોગ્રામિંગ (API) પર આધારિત છે અને ડિજિટલ સમાવેશ, નવીનતા અને સામાજિક સશક્તિકરણને સક્ષમ કરે છે. ભારતની DPI દરખાસ્તમાં ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિવિધ પાસાઓ જેમ કે ડિઝાઈન, વિકાસ, અમલીકરણ, મૂલ્યાંકન અને ગવર્નન્સ પર SCO સભ્યો સાથે સહયોગનો સમાવેશ થાય છે. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) એ બ્લોક્સ અથવા પ્લેટફોર્મનો ઉલ્લેખ કરે છે. જેમ કે ડિજિટલ ઓળખ, પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા એક્સચેન્જ સોલ્યુશન્સ કે જે દેશોને તેમના નાગરિકોને આવશ્યક સેવાઓ પ્રદાન કરવા, તેમને સશક્તિકરણ કરવા અને ડિજિટલ સમાવેશ મદદને સક્ષમ કરીને તેમના જીવનમાં સુધારો કરવા સક્ષમ બનાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **SCO સ્ટાર્ટઅપ ફોરમ 2023**




તાજેતરમાં SCO સ્ટાર્ટઅપ ફોરમની ત્રીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના સભ્ય દેશોમાં સ્ટાર્ટઅપ સહકાર અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. બે સફળ વર્ચ્યુઅલ આવૃત્તિઓ પછી SCO સ્ટાર્ટઅપ ફોરમ 2023 નવી દિલ્હીમાં પ્રથમ વખત ભૌતિક કાર્યક્રમ તરીકે યોજવામાં આવ્યો હતો. ફોરમે SCO સભ્ય દેશો વચ્ચે સ્ટાર્ટઅપ ક્રિયા પ્રતિક્રિયાને વિસ્તૃત કરવા, નવીનત્તાઓને પોષવા અને નવીન ઉકેલો વિકસાવવા માટે યુવા પ્રતિભાઓ માટે નોકરીની તકો ઊભી કરવાની માંગ કરી હતી. આ મંચનો ઉદ્દેશ SCO સભ્ય દેશો વચ્ચે સહકાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **100 Days 100 Pays અભિયાન**




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં 1 જૂનના રોજ '100 Days 100 Pays' અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ અભિયાનનો ઉદ્દેશ 100 દિવસના સમયગાળામાં તમામ જિલ્લાઓની દરેક બેંકમાં ટોચની 100 દાવા વગરની થાપણોને શોધી કાઢવા અને પતાવટ કરવાનો છે. 100 Days 100 Pays અભિયાનનો પ્રાથમિક ઉદ્દેશ્ય બેકો દ્વારા રાખવામાં આવેલી દાવા વગરની થાપણોના મુદ્દાને સક્રિયપણે સંબોધવાનો છે. આ અભિયાન ખાસ કરીને વ્યાપક પતાવટના ઉદ્દેશ્ય સાથે પ્રત્યેક જિલ્લાની અંદર દરેક બેંકમાં ટોચની 100 દાવા વગરની થાપણોને લક્ષ્યાંકિત કરે છે. આ થાપણો પર ધ્યાન કેન્દ્રીત કરીને RBI એ સુનિશ્ચિત કરવાનો ધ્યેય રાખે છે કે હકના માલિકો અથવા દાવેદારો તેમના લાંબા સમયથી બાકી ભંડોળ મેળવે. ફેબ્રુઆરી સુધી RBI પાસે ઉપલબ્ધ ડેટા મુજબ જાહેર ક્ષેત્રની બેંકોએ RBIને દાવા વગરની થાપણો તરીકે રૂ. 35,012 કરોડની નોંધપાત્ર રકમ ટ્રાન્સફર કરી હતી. આ આશ્ચર્યજનક રકમ આ મુદ્દાને તાત્કાલિક અને અસરકારક રીતે ઉકેલવાના મહત્ત્વને રેખાંકિત કરે છે.

## ➤ નાથુરામ મિર્ધા



ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે રાજસ્થાનના નાગૌર શહેરમાં 14 મેના રોજ નાથુરામ મિર્ધાની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું આ કાર્યક્રમમાં ભારતીય રાજકારણ અને સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ નાથુરામ મિર્ધાના અનુકરણીય યોગદાન અને સિદ્ધિઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

નાથુરામ મિર્ધા અનેક પ્રતિભા ધરાવનાર વ્યક્તિ હતા. જેમણે વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું. તેમની નોંધપાત્ર ભૂમિકાઓમાં સંસદસભ્ય, સ્વાતંત્ર્ય સેનાની, સમાજ સુધારક અને ખેડૂત નેતાનો સમાવેશ થાય છે. 20 ઓક્ટોબર, 1921ના રોજ રાજસ્થાનના નાગૌર જિલ્લાના કુચેરામાં જન્મેલા નાથુરામ મિર્ધાનું જીવન રાષ્ટ્રની સેવા અને સમાજના ઉત્થાન માટે સમર્પિત હતું. ખેડૂત નેતૃત્વમાં મિર્ધાની ભાગીદારી નોંધપાત્ર હતી. તેમણે છોટુરામના માર્ગદર્શન હેઠળ જોધપુરમાં ખેડૂતોની વિશાળ સભાનું આયોજન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. અને બલદેવ રામ મિર્ધા દ્વારા સ્થાપિત સંસ્થા 'કિસાન સભા'માં જોડાયા હતા. 1946માં નાથુરામ મિર્ધા તેના સેક્રેટરી બન્યા અને ખેડૂતો માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 2023 SAFF ચેમ્પિયનશિપ




2023 SAFF ચેમ્પિયનશિપ એ દક્ષિણ એશિયન દેશો માટે દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પુરુષ ફૂટબોલ ટુર્નામેન્ટ છે. જેનું આયોજન દક્ષિણ એશિયન ફૂટબોલ ફેડરેશન (SAFF) દ્વારા કરવામાં આવે છે. ટુર્નામેન્ટની 14મી આવૃત્તિ ભારત દ્વારા 21 જૂનથી 3 જુલાઈ 2023 દરમિયાન બેંગ્લુરુમાં યોજવામાં આવશે. ભારત ડિફેન્ડિંગ ચેમ્પિયન છે, જેણે 2021માં ફાઈનલમાં નેપાળને હરાવીને આઠમું ટાઈટલ જીત્યું હતું.

### ➤ ભારત અને બાંગ્લાદેશે 50 સ્ટાર્ટ-અપ એક્સચેન્જ પ્રોગ્રામ શરૂ કર્યો



ભારત અને બાંગ્લાદેશે બંને દેશોના ઉદ્યોગસાહસિક સમુદાયો વચ્ચે સહયોગ અને ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે સ્ટાર્ટ–અપ એક્સચેન્જ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય તકોની શોધ કરવાનો, જ્ઞાનની વહેંચણી અને વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવાનો છે. બાંગ્લાદેશની 10 સ્ટાર્ટ–અપ કંપનીઓની પ્રથમ બેચે તાજેતરમાં જ ભારતનો સફળ પ્રવાસ પૂર્ણ કર્યો છે. જે આ ઉત્તેજક પહેલની શરૂઆત દર્શાવે છે. એક્સચેન્જ પ્રોગ્રામમાં ઈ–કોમર્સ, હેલ્થકેર, ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ, ઊર્જા, એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોના સ્ટાર્ટ અપ્સનો સમાવેશ થાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ અભ્યાસ જળ રાહત (Exercise Jal Rahat)



ભારતીય સેનાના ગજરાજ કોર્પ્સે વિવિધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ જૂથો સાથે તાજેતરમાં 'જળ રાહત અભ્યાસ' નામની સંયુક્ત પૂર કવાયત હાથ ધરી હતી. આ કવાયત આસામમાં માનસ નદી પરના હગરામાં પુલ પર ચોમાસાની મોસમ પહેલા પૂર રાહત તૈયારીઓને વધારવાના ઉદ્દેશ્ય સાથે યોજાઈ હતી. આ કવાયતમાં બહુવિધ એજન્સીઓ વચ્ચે સંકલન પર ભાર મુકવામાં આવ્યો હતો. અને કાર્યક્ષમ બચાવ કામગીરી અને નવીન વ્યૂહરચનાઓના ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. જળ રાહત કવાયતનો ઉદ્દેશ પૂર રાહત પ્રયાસો માટે સજ્જતાને મજબૂત કરવાનો છે.

# વિશ્વ

## ➤ ISSF વર્લ્ડ કપ, બાકુ




તાજેતરમાં ભારતના સરબજોતસિંહ અને ટીએસ દિવ્યાએ અઝારબૈજાનના બાકુમાં આયોજિત ISSF વર્લ્ડ કપમાં 10 મીટર એર પિસ્તોલ મિશ્રિત ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેઓએ સર્બિયાના દામિર મિસેક અને જોરોના અરુનોવિકને હરાવીને મેડલ મેળવ્યો હતો. ISSF વર્લ્ડ કેપ એ ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય શૂટિંગ સ્પોર્ટ્સ સ્પર્ધા છે.

## ➤ દક્ષિણ કોરિયાએ Soaring Eagle Exerciseનું આયોજન કર્યુ



દક્ષિણ કોરિયન વાયુસેનાએ તાજેતરમાં એક્સરસાઈઝ સોરિંગ ઈગલની શરૂઆત કરી હતી. જે તેની લડાઈ ક્ષમતાઓને વધારવા અને દેશના સંરક્ષણને સુનિશ્ચિત કરવાના હેતુથી મોટા પાયાનો તાલીમ કાર્યક્રમ છે.

ઉત્તર કોરિયા દ્વારા ઘન–ઈંધણવાળી આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલના કથિત પ્રક્ષેપણને પગલે કોરિયન દ્વિપકલ્પ પર વધી રહેલા તણાવ વચ્ચે આ કવાયત કરવામાં આવી છે. સોરિંગ ઈગલ કવાયત સિઓલથી 112 કિ.મી. દક્ષિણમાં ચેઓંગજુ એરબેઝ પર શરૂ થઈ હતી. કવાયતનું મુખ્ય પાસુ એ એર ઈન્ડિકશન કવાયત છે. જેનો હેતુ દુશ્મનના લક્ષ્યોને ઝડપથી બે અસર કરવા માટે પાઈલટોને તાલીમ આપવાનો છે. આ કવાયતમાં સ્થિર આર્ટિલરી બેટરી અને મોબાઈલ મિસાઈલ લોન્ચર્સને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ત્રણ સામાજિક સુરક્ષા (જન સુરક્ષા) યોજનાઓ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY), પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) અને અટલ પેન્શન યોજના (APY) એ સામાજિક સુરક્ષા પ્રદાન કરવાના .......... વર્ષ પૂર્ણ કર્યા છે. – 8 વર્ષ
2. તાજેતરમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME) એ ...............માં રાષ્ટ્રીય MSME કાઉન્સિલની ઉદ્‌ઘાટન બેઠકનું આયોજન કર્યુ હતું. – નવી દિલ્હીમાં
3. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ શ્રી રાજેશ ભૂષણે તાજેતરમાં નવી દિલ્હીમાં ............... દ્વારા વિકસિત ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ 'સક્ષમ' લોન્ચ કર્યુ છે. – નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર (NIHFW) (આ પ્લેટફોર્મનો હેતુ ભારતમાં આરોગ્ય સંભાળ વ્યવસાયિકો વચ્ચે તબીબી શિક્ષણ અને તાલીમને પ્રોત્સાહન આપવાનો છે.)
4. ............એ સિક્કિમના ગંગટોકથી આસામના તેજપુર સુધી એક મહિનાની તિબેટ કોઝ માર્ચનું આયોજન કર્યુ છે. – તિબેટીયન યુથ કોંગ્રેસ (TYC)
5. તાજેતરમાં.................સરકારે રાજ્યમાં ટકાઉ રોબોટિક્સ ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા માટે સ્ટેટ રોબોટિક્સ ફ્રેમવર્ક શરૂ કર્યુ છે. – તેલંગાણા
6. કઈ સંસ્થાએ 'રેસ ટુ નેટ ઝીરો' નામનો અહેવાલ બહાર પાડયો છે ? – UN ESCAP
7. 'સાયબર સેફ ઈન્ડિયા' કઈ મંત્રાલયની પહેલ છે ? – ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય
8. 'પ્રોજેક્ટ સ્માર્ટ' જે તાજેતરમાં સમાચારમાં હતો તે કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંબંધિત છે ? – શહેરી બાબતોનું મંત્રાલય – રેલવે મંત્રાલય
9. કયા રાજ્યએ 'જગનન્નકુ ચેબુડમ પ્રોગ્રામ' શરૂ કર્યો છે ? – આંધ્રપ્રદેશ
10. કયો દેશ પ્રથમ ચીન–મધ્યમ એશિયા સમિટનું આયોજન કરશે ? – ચીન
11. તાજેતરમાં ઓટ્ટાવા, કેનેડામાં વેપાર અને રોકાણ પર કેટલામો ભારત–કેનેડા મંત્રી સ્તરીય સંવાદ યોજાયો હતો ? – છટ્ઠો
12. વિશ્વ સ્થળાંતરિત પક્ષી દિવસ................ના રોજ 'સ્થાયી પક્ષીઓ માટે પાણી અને તેનું મહત્ત્વ' થીમ સાથે ઉજવવામાં આવ્યો હતો. – 13 મે, 2023
13. તાજેતરમાં ભારતના G20 પ્રમુખપદના ભાગરૂપે Y20 જૂથના Y20 પરામર્શ કાર્યક્રમનું............ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. – કાશ્મીર યુનિવર્સિટી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. 'સિક્કિમ રાજ્ય સ્થાપના દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ? – 16 મે

15. તાજેતરમાં કયા ક્રિકેટરે IPLના ઈતિહાસમાં સૌથી ફાસ્ટેટ 50 ફટકારી હતી ?

– શ્રી યશસ્વી જયસ્વાલ (રાજસ્થાન ટીમના ખેલાડી)

16. તાજેતરમાં કયા ક્રિકેટરે IPLમાં સૌથી હાઈએસ્ટ વિકેટ ઝડપવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે ?

– શ્રી યુજવેન્દ્ર ચહલ

17. તાજેતરમાં બાર્સેલોનાએ કેટલામી વખત લા લીગા ફૂટબોલનું ટાઈટલ જીત્યું છે ? – 27મી વખત

18. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Donanemab' દવા કયા રોગના સારવાર સંબંધિત છે ? – અલ્ઝાઈમર

19. તાજેતરમાં.............નામની બે અગ્રણી દવા ઉત્પાદકોએ ડેન્ગ્યુ સામે ભારતની પ્રથમ રસી વિકસાવવા તરફ એક મોટું પગલું ભર્યુ છે. – સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને પેનેસિયા બાયોટેક

20. કઈ કંપનીએ 'Wastonx' AI અને ડેટા પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે ? –IBM

21. કયા કેન્દ્રીય મંત્રાલયે 'ગ્રીન સી માર્ગદર્શિકા 2023' લોન્ચ કરી છે ? – બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય

22. તાજેતરમાં કઈ સંસ્થાએ 'I Drone Initiative' હેઠળ બ્લડ બેગ ડિલિવરીની ટ્રાયલ રન સફળતાપૂર્વક હાથ ધરી હતી ? – ICMR

23. ભારતે કયા દેશ સાથે ગતિશીલતા કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જે 42,000 ભારતીયોને કામ કરવાની મંજૂરી આપશે ? – ઈઝરાયેલ

24. કઈ અવકાશ એજન્સીએ 'Aeolus Satellite' વિકસાવી છે ? – ESA

25. કયા રાજ્યએ 'સ્ટેટ રોબોટિક્સ ફ્રેમવર્ક' શરૂ કર્યુ છે ? – તેલંગાણા

26. કયા રાજ્યમાં 'ઉત્તર પૂર્વીય રાજ્યોમાં જમીન શાસન' પર રાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી ? – ગુવાહાટી

27. INS ગરૂડ કેરળના કોચી ખાતે સ્થિત દક્ષિણી નૌકા કમાન્ડનું મુખ્ય નેવલ એરસ્ટેશન છે, જેણે તાજેતરમાં ભારતીય નૌકાદળમાં તેની નોંધપાત્ર સેવાના કેટલા વર્ષ પૂર્ણ કર્યા છે ? – 70

28. તાજેતરમાં.........................એ 26મી વખત માઉન્ટ એવરેસ્ટ પર ચઢનાર વિશ્વના બીજા વ્યક્તિ બનીને ઈતિહાસ રચ્યો છે. – પાસંગ દાવા શેરપા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

29. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કયા રોગ માટે 10 મહિના લાંબી વૈશ્વિક આરોગ્ય કટોકટીનો અંત જાહેર કર્યો છે ? – MPox

30. એક અહેવાલ મુજબ છેલ્લા બે દાયકામાં કયા દેશમાં માથાદીઠ ઈ–કચરો ત્રણ ગણો વધ્યો છે ? – કેનેડા

31. તાજેતરમાં કયા દેશે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રાજકીય યાત્રા પર આમંત્રણ આપ્યું છે ? – અમેરિકા

32. તાજેતરમાં સમાચારમાં રહેલ ત્ર્યંબકેશ્વરમંદિર કયાં આવેલ છે ? – નાસિક, મહારાષ્ટ્ર

33. ...............એ તાજેતરમાં 'Turning off the Tap : How the world can end plastic pollution and create a circular economy' નામનો અહેવાલ બહાર પાડયો છે. - UNEP
(આ રિપોર્ટમાં સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિક પ્રદૂષણને કાબુમાં લેવા માટે ચક્રાકાર અર્થતંત્રનો અભિગમ અપનાવવાના મહત્ત્વ પર ભાર મુકવામાં આવ્યો છે.)

34. ગ્લોબલ આયુર્વેદ ફેસ્ટિવલની 5મી આવૃત્તિનું યજમાન કયું શહેર છે ? – તિરુવનંતપુરમ

35. 'ઈ–રેટ્રોફિટમેન્ટ' જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે ? – ઈલેક્ટ્રિક મોબિલિટી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT